પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલપંચાલ | વર્ષ : ૨૯ | અંક : ૨૨૧ | કુલ પાના : ૪ | તારીખ : ૧૨-૦૫-૨૦૨૬ મંગળવાર | કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સોમનાથમાં મહાદેવની વિશેષ પૂજા-અર્ચના કરી

# રાષ્ટ્રીય સ્વાભિમાન પર પણ આપણે રાજનીતિ થાય છે તે કમનસીબી છે:વડાપ્રધાન







સોમનાથ

સોમનાથના આંગણે ભવ્ય સોમનાથ અમૃત મહોત્સવ ૨૦૨૬ નો અવસર ઉજવાઈ રહ્યો છે. ત્યારે આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ પહોંચ્યા હતાં અને તેઓએ સોમનાથ મંદિરમાં સોમનાથ દાદાની પૂજા-અર્ચના કરી હતી અને સોમનાથમાં સભાને સંબોધન પણ કરી હતી

તેમણે જણાવ્યું હતું કે આજે ફરી એકવાર સોમનાથમાં ઈતિહાસ રચાવાનો છે. ૯૦ મીટર ઊંચી ક્રેનથી વિશાળ કુંભને સોમનાથ મંદિરના શિખર પર ૧૧ તીર્થના જળથી અભિષેક કરાશે, તો સાથે જ વાયુસેનાની ટીમ ફાઈટર જેટ દ્વારા દિલધડક 'સૂર્યકિરણ એર શો' સોમનાથના આકાશમાં બતાવશે ૭૫ વર્ષ પહેલાનું આ પુનર્નિર્મિત મંદિર બન્યું, ત્યારે ભારતે નવી ચેતના યાત્રા શરૂ કરી હતી. આજે એ જ યાત્રા વ્યાપક બની છે. તેને નવી ઊંચાઈ પર લઈ જવું છે. સંકલ્પોને પૂરા કરવા બાબા સોમનાથનો આર્શીવાદ હંમેશા સાથે રહે. તમામ દેશવાસીઓને, વિરાસતમા વિશ્વાસ કરનારા દરેક નાગરિકોને શુભેચ્છા. જય સોમનાથ. હર હર મહાદેવ.

તેમણે કહ્યું હતું કે આજે દેશના મંદિરના પુર્નનિમાણ થઈ રહ્યા છે. અયોધ્યામાં ૫૦૦ વર્ષની પ્રતીક્ષા પૂર્ણ થઈ છે. આવા અનેક પવિત્ર તીર્થ, મઠ, મંદિરની મહિમા જે આપણી સાંભળી છે. ત્યા સમૃદ્ધ પરંપરાના દર્શન થવા લાગ્યા છે. આટલું દસ-બાર વર્ષની અંદર જ થયું છે. આપણી આસ્થા આપણને જીવન જીવવાની રીત શીખવાડે છે. આપણી આસ્થા નદીઓમાં છે, વૃક્ષોમા છે, જંગલોમાં છે. પર્વતોમાં પણ પવિત્રતાનો ભાવ રાખીએ છીએ. દુનિયા પ્રાકૃતિક જીવનશૈલી તરફ ફરી રહી છે. આપણને આપણી શક્તિ તરફ વળવુ છે. એવું જીવન અપનાવીએ જેનાથી પ્રકૃતિ અને પર્યાવરણની રક્ષા થાય. સંકલ્પોને આસ્થા સાથે જોડીને જીવવું પડશે. નવી પેઢી આસ્થા, ઈતિહાસ અને સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડાય છે, તો રાષ્ટ્રનુ આત્મબળ મજબૂત થાય છે.

દેશના રાજવીઓએ સોમનાથ મંદિરનું અનેક વખત નિર્માણ કરાવ્યું. વીર હમીરજી ગોહિલ અને વીર વેગડાજી ભીલ, અહલ્યા બાય, જામ સાહેબ દિગ્વિજયસિંહ, સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના અનેક લોકોને હું નમન કરું છું. રાષ્ટ્રીય સ્વાભિમાન પર પણ આપણે રાજનીતિ થાય છે તે કમનસીબી છે. સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા મંદિરની પુનરનિર્માણ કર્યું ત્યારે નહેરુએ સાથ નહોતો આપ્યો. હું આજે આ મુદે કાંઈ બોલવા નથી માંગતો. મને સોમનાથ દાદાના મંદિર ટ્રસ્ટમાં અધ્યક્ષ તરીકે કામ કરવાનો મોકો મળ્યો.


અટલ બિહારી બાજપાયને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યાદ કર્યા. ચંદ્ર પર જ્યાં આપણું રોબોટ ઉતર્યું તે જગ્યાને પણ આપણે શિવ-શક્તિ નામ આપ્યું હતું. સોમનાથ જ્યોતિર્લિંગ પણ ચંદ્ર સાથે જોડાયેલું છે. જ્યારે હું ગત વખતે આવ્યો હતો ત્યારે કહ્યું હતું કે, જેના નામમાં સોમ અર્થાત અમૃત જોડાયેલું હોય, તેને કોણ નષ્ટ કરી શકે. તેણે અનેક આક્રમણો સહન કર્યા. અનેક લૂંટારું આવ્યા. સોમનાથનો વૈભવ નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો. વારંવાર ઢાંચો તોડાયો, વારંવાર મદિર ઉઠ્યું. તોડનારાને ખબર ન હતી કે, આપણા રાષ્ટ્રનું વૈચારિક સામ્યર્થ શું છે. તેની અંદર બેસેલી આત્મા અવિનાશી છે. અલગ અલગ રૂપમાં શિવ પ્રકટ થયા રહ્યાં.

આજનો દિવસ વધુ એક કારણથી વિશેષ છે. ૧૧ મે, ૧૯૯૮ ના રોજ પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યું હતું. આજના દિવસે પહેલા ત્રણ પરમાણુ પરીક્ષણ કર્યા હતા. આપણા વૈજ્ઞાનિકોએ ભારતના સામ્યર્થને, ક્ષમતાને દુનિયાની સામે રાખ્યા. દુનિયામાં હલચલ મચી ગઈ હતી. ભારતના વૈજ્ઞાનિકોએ પરમાણુ પરીક્ષણ કરતા સમગ્ર દુનિયા જોતી રહી હતી. દુનિયાભરની મોટી મોટી શક્તિઓએ આક્રમણ કરી દીધું હતું. ૧૧ મે પછી ૧૩ મેના આપણા વૈજ્ઞાનિકોએ વધુ બે પરીક્ષણ કર્યા હતા. અટલજીના નૃત્ત્વએ બતાવ્યું કે, દુનિયાની કોઈ તાકાત ભારતને ઝુકાવી શક્તી નથી. દબાણમાં લાવી શકતી નથી. દેશે પરમાણુ પરીક્ષણને ઓપરેશન શકિત નામ આપ્યુ. શિવની સાથે શકિતની આરાધના આપણી પરંપરા રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું, હું અનેકવાર અહી આવ્યો છું. અનેકવાર નતમસ્તક થયો છે. આજે સમયની આ યાત્રા સુખદ અનુભૂતિ આપે છે. હાલ સ્વાભિમાન પર્વ ઉજવ્યું. ૭૫ વર્ષ પેહલા આજના દિવસે સોમનાથ મંદિરની પુનસ્થાપના કોઈ સાધારણ અવસર ન હતું. ૧૯૪૭ માં ભારત આઝાદ થયું હતું. તો ૧૯૫૧ માં સોમનાથની પ્રાણ પ્રતિષ્ઠાએ ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદઘોષ કર્યો હતો. આજે આ અવસર પર હું માત્ર ૭૫ વર્ષોની ઝાંખી નથી જોઈ રહ્યો. અસત્ય પર સત્યના વિજયને જોઈ રહ્યો છું. જને પ્રભાસપાટણે વારંવાર જીવ્યું છે. હજારો વર્ષોની આધ્યાત્મિક ચેતનાને જોઉ છું.

લોકોએ જય સોમનાથના નાદથી પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રીને પાઘડી પહેરાવી. સાંસદો, ધારાસભ્યોએ સિંહની છબી આપી તેમનું સ્વાગત કર્યું. પોતાના સંબોધનમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે. બંગાળની ભવ્ય જીત પ્રધાનમંત્રીની કુનેહથી મળી છે. સોમનાથની ગાથા વિશે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વાત કરી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સોમનાથ મંદિરના ૭૫ વર્ષને લઈને પોસ્ટ ટિકિટ લોન્ચ કરવામાં આવી. આ અવસરે વડાપ્રધાને સોમનાથ મહાદેવના દેવાલય પર કુંભાભિષેક અને ધ્વજારોહણ કર્યા હતા. આ પવિત્ર ઘડીએ એર ફોર્સના બે ચેતક હેલિકોપ્ટર્સ દ્વારા મંદિર શિખર પર પુષ્પવર્ષા પણ કરવામાં આવી હતી, જેની સાથે સમુદ્ર તટે સોમનાથ મહાદેવના સાનિધ્યમાં દિવ્ય અને ભવ્ય માહોલ સર્જાયો હતો. ભારતીય વાયુસેનાની 'સૂર્યકિરણ' એરોબેટિક્સ ટીમ દ્વારા સોમનાથના નભમાં રજૂ કરવામાં આવેલા દિલધડક એર શોએ ઉપસ્થિત મેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. વડાપ્રધાને મંદિર પરિસરમાં સોમનાથની વૈભવશાળી વિરાસત અને ઈતિહાસને અંકિત કરતા પ્રદર્શનની પણ આ તકે મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ તકે ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં પ્રતિબંધિત ક્ષેત્રમાં રકુલ પ્રીત સિંહની ચાલ! વાયરલ વીડિયોથી વિવાદ સર્જાયો



અમદાવાદ

રકુલ પ્રીત સિંહ હાલમાં તેની આગામી ફિલ્મ "પતિ પત્ની ઔર વો દો" માટે સમાચારમાં છે. આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના, વામિકા ગબ્બી અને સારા અલી ખાન પણ છે. દરમિયાન, રકુલ પ્રીત સિંહનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેના કારણે અભિનેત્રી ટ્રોલના નિશાના પર આવી ગઈ છે. ગુજરાતના ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી લેવામાં આવેલા આ વીડિયોમાં રકુલ પ્રતિબંધિત ક્ષેત્રમાં ફરતી જોવા મળી રહી છે. આ વીડિયોએ સેલિબ્રિટીઓના પ્રતિબંધિત ઝોનમાં પ્રવેશ અંગે ચર્ચા જગાવી છે. ગીર રાષ્ટ્રીય ઉદ્યાનના અધિકારીઓએ હવે એક નિવેદન બહાર પાડ્યું છે.રકુલ તેની ફિલ્મ "પતિ, પત્ની ઔર વો દો" ના પ્રમોશન માટે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં હતી. ફિલ્મના અન્ય કલાકારો, આયુષ્માન ખુરાના, વામિકા ગબ્બી અને સારા અલી ખાન તેની સાથે હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો અને વિવાદ ઉભો થયો. અધિકારીઓએ હવે સ્પષ્ટતા કરી છે કે રકુલ પ્રીત સિંહનો વીડિયો પ્રતિબંધિત વિસ્તારના બાહ્ય પ્રવેશ દ્વારનો છે, અને પ્રતિબંધિત ક્ષેત્રમાં કોઈને પણ તેમના વાહનમાંથી બહાર નીકળવાની મંજૂરી નથી.અધિકારીઓ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "અમે અમારા સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ વીડિયો અંગે સ્પષ્ટતા પહેલાથી જ જારી કરી દીધી છે. રકુલ પ્રીત સિંહનો વીડિયો રાષ્ટ્રીય ઉદ્યાનના પ્રવેશ દ્વારની બહારનો છે. દરેક ઉદ્યાનમાં સંરક્ષિત વિસ્તારના મુલાકાતીઓ માટે એક પ્રવેશ દ્વાર હોય છે, અને આ વીડિયો તે પ્રવેશ દ્વારની બહાર શૂટ કરવામાં આવ્યો હતો. તેથી, અમે સ્પષ્ટતા કરીએ છીએ કે આ વીડિયો બહારનો છે, પ્રતિબંધિત વિસ્તારની અંદરનો નથી. એકવાર અભયારણ્યમાં પ્રવેશ્યા પછી, કોઈને પણ તેમના સફારી વાહનમાંથી બહાર નીકળવાની મંજૂરી નથી.""પતિ, પત્ની ઔર વો દો" એ આયુષ્માન ખુરાના, સારા અલી ખાન, રકુલ પ્રીત સિંહ અને વામિકા ગબ્બી અભિનીત કોમેડી-ડ્રામા છે. આ ફિલ્મ ૨૦૧૯ માં આવેલી ફિલ્મ "પતિ, પત્ની ઔર વો" ની સિક્વલ છે. નિર્માતાઓએ ગયા વર્ષે ફિલ્મની રિલીઝ તારીખ ૪ માર્ચ, ૨૦૨૬ સાથે જાહેર કરી હતી, પરંતુ ફિલ્મ મુલતવી રાખવામાં આવી હતી. હવે આ ફિલ્મ ૧૫ મે, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# દીકરીઓ બીજા સમાજમાં જાય છે કારણ કે સમાજના ઘણા દીકરાઓ સક્ષમ બનતા નથી, અનાર પટેલ

પાલનપુર

બનાસકાંઠાના પાલનપુરના ગઢ ખાતે આયોજિત એક સામાજિક કાર્યક્રમમાં અનાર પટેલે પટેલ સમાજને સંબોધતા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમના નિવેદનો બાદ સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે.અનાર પટેલે જણાવ્યું હતું કે પટેલ સમાજ પોતાની અલગ ઓળખ બનાવે છે કારણ કે તેઓ સ્પષ્ટ અને કડવી વાત કરવાનું પસંદ કરે છે. જોકે, તેમણે સમાજના લોકોને મીઠું બોલતા અને સંબંધોમાં સૌહાર્દ વધારતા શીખવાની પણ સલાહ આપી હતી.અનાર પટેલે સમાજમાં વધતા વિખવાદ અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે સમાજને તોડવાનો પ્રયાસ કરનારા લોકોને ઓળખવાની જરૂર છે. ‘‘ભાગલા પાડવાની નીતિ અંગ્રેજોના સમયમાં હતી, હવે સમાજે એકતા તરફ આગળ વધવું જોઈએ,’’ એમ તેમણે કહ્યું.અનાર પટેલે યુવાઓ અને લગ્નપ્રથાને લઈને પણ મહત્વનું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે ‘‘દીકરીઓ બીજા સમાજમાં જાય છે કારણ કે સમાજના ઘણા દીકરાઓ સક્ષમ બનતા નથી.’’ તેમના આ નિવેદન બાદ કાર્યક્રમમાં હાજર લોકો વચ્ચે ચર્ચા શરૂ થઈ હતી.કાર્યક્રમ દરમિયાન તેમણે સમાજમાં વધતી દારૂની સમસ્યા પર પણ કડક વલણ અપનાવ્યું. ‘‘દારૂ પીને આવનાર વ્યક્તિને પ્રોત્સાહન ન આપવું જોઈએ, નહીં તો આખો સમાજ બગડશે,’’ એમ કહી તેમણે યુવાનોને સંસ્કારી જીવન જીવવા અપીલ કરી હતી. સાથે જ આજકાલ દરેક ઘરમાં નેતાગીરીની માનસિકતા વધી રહી હોવાનું જણાવી અનાર પટેલે કહ્યું કે ‘‘અત્યારે ઘરે-ઘરે નેતા છે અને દરેકને મોટું થવું છે, પરંતુ સમાજ માટે કામ કરનાર લોકોની જરૂર છે.’’

અનાર પટેલના આ નિવેદનો હવે સોશિયલ મીડિયા પર પણ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે અને લોકો તેમાં સમર્થન તેમજ વિરોધ બંને પ્રકારની પ્રતિક્રિયા આપી રહ્યા છે.

# જો કોઈ યુવતી ગુંડાતત્વો અથવા અસામાજિક તત્વો સાથે ભાગીને લગ્ન કરે તો તે સ્વીકાર્ય નથી, લાલજી પટેલ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં યોજાયેલા એક સામાજિક કાર્યક્રમ દરમિયાન એસપીજી પ્રમુખ લાલજી પટેલએ આંતરજ્ઞાતિ લગ્ન અને યુવતીઓના સંસ્કાર મુદ્દે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. તેમના નિવેદન બાદ સમાજમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે.

લાલજી પટેલે જણાવ્યું હતું કે, ‘‘સમાજની દીકરી સમાજમાં રહેવી જોઈએ.’’ તેમણે વધુમાં કહ્યું કે જો કોઈ યુવતી ગુંડાતત્વો અથવા અસામાજિક તત્વો સાથે ભાગીને લગ્ન કરે તો તે સ્વીકાર્ય નથી. ‘‘કદાચ સમાજ ચલાવી લેશે, પરંતુ એસપીજી નહીં ચલાવે,’’ એમ તેમણે કડક શબ્દોમાં જણાવ્યું.

તેમણે એવો પણ દાવો કર્યો કે અસામાજિક તત્વો પાસે ગયેલી દીકરીઓને પાછી લાવવા માટે પ્રયાસ કરવામાં આવશે. સાથે જ માતા-પિતાને સંબોધતા તેમણે દીકરીઓને સારા સંસ્કાર અને યોગ્ય સમજણ આપવાની અપીલ કરી.

મોબાઈલ અને સોશિયલ મીડિયા યુગનો ઉલ્લેખ કરતા લાલજી પટેલે કહ્યું કે આજના સમયમાં યુવતીઓ ટેકનોલોજીના પ્રભાવ હેઠળ કેટલીક વખત ખોટા નિર્ણયો લઈ રહી છે. તેથી પરિવારોને વધુ સજાગ રહેવાની જરૂર હોવાનું તેમણે જણાવ્યું.લાલજી પટેલના આ નિવેદનને લઈને વિવિધ વર્ગોમાં અલગ-અલગ પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. કેટલાક લોકો તેમના નિવેદનને સમાજ માટે ચેતવણીરૂપ માની રહ્યા છે, જ્યારે કેટલાક લોકો વ્યક્તિગત સ્વતંત્રતા અને આંતરજ્ઞાતિ લગ્નના અધિકારને લઈને પ્રશ્નો ઉઠાવી રહ્યા છે.

# સુવેન્દુ અધિકારીએ ૫,૦૦૦ ટીએમસી કાર્યકરોના જીવ બચાવ્યા, સસ્પેન્ડેડ તૃણમૂલ કોંગ્રેસના નેતા રિજુ દત્તાનો દાવો



કોલકાતા

સસ્પેન્ડેડ તૃણમૂલ કોંગ્રેસના નેતા રિજુ દત્તા પોતાનો સ્વર બદલી રહ્યા હોય તેવું લાગે છે. તેમણે ભાજપના નેતા અને નવા ચૂંટાયેલા મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની પ્રશંસા કરી છે અને એક મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું, "સુવેન્દુ અધિકારીએ ઓછામાં ઓછા ૫,૦૦૦ તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરોના જીવ બચાવ્યા છે."

રિજુ દત્તાએ કહ્યું, "સુવેન્દુ અધિકારી ફક્ત બે દિવસ માટે મુખ્યમંત્રી રહ્યા છે. આ બે દિવસમાં જ તેમણે ઓછામાં ઓછા ૫,૦૦૦ તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરોના જીવ બચાવ્યા છે. મુખ્યમંત્રી તરીકે શપથ લેતા પહેલા ૬ મેના રોજ તેમના પીએની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જો સુવેન્દુ અધિકારીએ કહ્યું હોત કે હોસ્પિટલ છોડ્યા પછી તે દિવસે બંગાળમાં બદલો લેવામાં આવશે, તો તે રાત્રે બંગાળમાં ૫,૦૦૦ તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરોની હત્યા કરવામાં આવી હોત."

રિજુ દત્તાએ કહ્યું, "સુવેન્દુ અધિકારીએ કહ્યું હતું કે કોઈ પણ કાયદો પોતાના હાથમાં નહીં લે. અમે આ મામલાની તપાસ કરી રહ્યા છીએ. કૃપા કરીને શાંતિ જાળવી રાખો. સુવેન્દુ અધિકારીએ ૫,૦૦૦ તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરોના જીવ બચાવ્યા છે. તેથી, હું તેમને સલામ કરું છું."

બંગાળી તરીકે, હું કહું છું કે બંગાળના લોકોએ તેમને મુખ્યમંત્રી બનાવ્યા. હવે અમે એ પણ જોઈશું કે તેઓ પોતાના વચનો પાળે છે કે નહીં. અમે જોઈશું કે તેઓ બંગાળમાં હિંસા બંધ કરે છે કે નહીં. અમે જોઈશું કે તેઓ મહિલાઓને સુરક્ષા પૂરી પાડે છે કે નહીં. અમે જોઈશું કે તેઓ ગુંડાઓને જેલમાં નાખે છે કે નહીં. જો તેઓ આમ નહીં કરે, તો ભલે હું તૃણમૂલ કોંગ્રેસમાં ન હોઉં, પણ બંગાળી તરીકે, હું તેમને આ પ્રશ્ન પૂછીશ. કારણ કે આજે તેઓ ભાજપના નેતા નથી, તેઓ બંગાળના મુખ્યમંત્રી છે. તેઓ મારા મુખ્યમંત્રી પણ છે."

નોંધનીય છે કે ભાજપે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં જંગી જીત મેળવી હતી, અને ટીએમસીને હારનો સામનો કરવો પડ્યો હતો. આ ચૂંટણીમાં ભાજપે ૨૦૭ બેઠકો જીતી હતી, જ્યારે ટીએમસીએ ફક્ત ૮૦ બેઠકો જીતી હતી. આ ચૂંટણીમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી હતી, ત્યારબાદ સુવેન્દુ અધિકારીને રાજ્યના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. આ જીત ભાજપ માટે ખૂબ મહત્વ ધરાવે છે.

# ૧૯૯૮ના પોખરણ પરીક્ષણોએ ભારતની વૈજ્ઞાનિક કુશળતા દર્શાવી, પીએમ મોદીએ ટ્વિટ કર્યું

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ નિમિત્તે દેશવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. તેમણે દેશના વૈજ્ઞાનિકોની મહેનત અને સમર્પણને યાદ કર્યા. પીએમ મોદીએ કહ્યું કે આપણા વૈજ્ઞાનિકો રાષ્ટ્રના ગૌરવ અને આત્મસન્માનના સાચા શિલ્પી છે.

વડાપ્રધાનએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું કે આપણે આપણા વૈજ્ઞાનિકોની મહેનતને ગર્વથી યાદ કરીએ છીએ. આ મહેનતથી જ ૧૯૯૮માં પોખરણમાં સફળ પરમાણુ પરીક્ષણ શક્ય બન્યું. તે ઐતિહાસિક ક્ષણ ભારતની વૈજ્ઞાનિક શ્રેષ્ઠતા અને મજબૂત સંકલ્પનું પ્રતીક હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે "આત્મનિર્ભર ભારત" ના નિર્માણમાં ટેકનોલોજી એક મુખ્ય આધારસ્તંભ બની ગઈ છે. તે નવી શોધોને પ્રોત્સાહન આપી રહી છે અને વિકાસ માટે નવી તકો ખોલી રહી છે. સરકારનું ધ્યાન નવી પ્રતિભાઓને સશક્ત બનાવવા અને દેશની પ્રગતિ પ્રાપ્ત કરવા અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે સંશોધનને પ્રોત્સાહન આપવા પર છે.

બીજી પોસ્ટમાં, પીએમ મોદીએ લખ્યું કે ૧૯૯૮ ના પોખરણ પરીક્ષણોએ વિશ્વને ભારતની અસાધારણ શક્તિનો પરિચય કરાવ્યો. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ તેમની "સુભાષિતમ" શ્રેણી શેર કરી. તેમણે લખ્યું, "અગ્નિમુદ્ધા દિવઃ કકુત્પતિહ પૃથ્વી આયમ. અપામ રેતાંસિ જિન્વતિ." આનો અર્થ એ છે કે, "અગ્નિ એ સ્વર્ગની સર્વોચ્ચ શક્તિ છે અને પૃથ્વી પરની બધી ઊર્જાનો મૂળ સ્રોત છે. તે જ અગ્નિ તત્વ પદાર્થના નાનામાં નાના કણોમાં રહેલી અનંત શક્તિને જાગૃત કરે છે અને સમગ્ર બ્રહ્માંડમાં ઊર્જા અને ગતિનો સંચાર કરે છે."

નોંધનીય છે કે ૧૧ મે, ૧૯૯૮ ના રોજ ભારતે 'ઓપરેશન શક્તિ' ના ભાગ રૂપે સફળ પરમાણુ પરીક્ષણો કર્યા હતા. સ્વદેશી વિમાન 'હંસા-૩' એ પણ તે જ દિવસે તેની પ્રથમ ઉડાન ભરી હતી. આ મોટી સિદ્ધિઓના સન્માનમાં, તત્કાલીન વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ ૧૧ મેને રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે જાહેર કર્યો હતો.

ઝાયડસ હૉસ્પિટલ વડોદરાના સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર્સ દ્વારા નિયમિત OPD

zydus Hospitals Vadodara

13 મે 2026, બુધવાર

મગજ અને કમરને લગતા રોગોના નિષ્ણાંત

ડૉ. કૌશિક રાણા
MBBS, MD, DM (Neurology)

- માથાનો દુખાવો
- ચક્કર આવવા
- માથાની ઈજા અથવા ઓપરેશન
- પેરાલિસિસ (લકવા)
- મગજની ગાંઠ
- મગજનું ટી.બી./તાવ
- હાથ પગમાં અશક્તિ અને સુન્નપણું
- પીઠનો દુખાવો
- કરોડરજ્જુની ઈજા
- ચાલવામાં લથડવું

દાહોદ
સમયઃ સવારે 11 થી 1 સુધી
સ્થળઃ રિધમ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, ઓવરબ્રિજ પાસે, જૂની રામા હોટલ, કોલેજ રોડ, દાહોદ

15 મે 2026, શુક્રવારે

મગજ અને કમરને લગતા રોગોના નિષ્ણાંત

ડૉ. નીનૂ એલેકઝેંડર
MBBS, MD, DM (Neurology)

- માથાનો દુખાવો
- મગજની ઈજા અને ઓપરેશન
- પૈરાલિસિસ (લકવો)
- મગજની ગાંઠ
- મગજની ટી.બી અને મગજનો તાવ
- હાથ અને પગમાં કમજોરી અને સુન્નપન
- પીઠનો દુખાવો
- સાયટિકા
- કરોડરજ્જુની ઈજા
- ચાલવામાં તકલીફ અને ધ્રુજવું વગેરે

ગોધરા
સમયઃ સવારે 11 થી 1 સુધી
સ્થળઃ સંગમ હૉસ્પિટલ એમજી રોડ, તાનસેન કોમ્પ્યુટર કેમ્પસ, પાંજરાપોર, કલાલ દરવાજા, ગોધરા

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરોઃ 70690 35112, 84605 35090

ઝાયડસ હૉસ્પિટલ, અક્ષર ચોક, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા - 390 020, ગુજરાત.

# મહીસાગર જીલ્લાના લુણાવાડા સહિતના ગરમી ના કારણે રોડ રસ્તા બન્યા સુમસામ

**મહીસાગર જીલ્લામાં કાળઝાળ ગરમીનો પ્રકોપઃ લુણાવાડામાં પારો ૪૫, થી પણ વધારે ડિગ્રીએ પહોંચ્યો, બપોરે રસ્તાઓ બન્યા સૂમસામ**

મલેકપુર,
સમગ્ર ગુજરાતની સાથે મહીસાગર જીલ્લામાં પણ ફરી એકવાર હીટવેવની તીવ્ર અસર જોવા મળી રહી છે. જીલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં આજે તાપમાનનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચી જતાં લોકો અંગ દઝાડતી ગરમીમાં શેકાયા હતા. હવામાન વિભાગ દ્વારા અપાયેલા 'ઓરેન્જ એલર્ટ' વચ્ચે જીલ્લાના જનજીવન પર ગરમીની વ્યાપક અસર જોવા મળી રહી છે.

બપોરના સમયે માર્ગો પર સ્વયંભૂ કર્ફ્યુ જેવો માહોલ ખાસ કરીને બપોરના ૧૨ વાગ્યા બાદ તાપમાનમાં ભારે વધારો થતાં લોકો કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. લુણાવાડા શહેરના મુખ્ય માર્ગો તેમજ સદાય વ્યસ્ત રહેતા હાલોલ-શામળાજી હાઈવે પર બપોરના સમયે વાહનોની અવરજવર એકદમ ઓછી થઈ ગઈ હતી. કાળઝાળ ગરમી અને લૂથી બચવા માટે ટુ-વ્હીલર ચાલકો હેલ્મેટ, ટોપી અને મોઢા પર કપડું બાંધીને જ મુસાફરી કરતા નજરે પડ્યા હતા.

કામ કરવા મજબૂર બનતો 'જગતનો તાત' એક તરફ સામાન્ય નાગરિકો બપોરે કાળઝાળ ગરમીમાં બહાર નીકળવાનું ટાળી રહ્યા છે, ત્યારે બીજી તરફ 'જગતનો તાત' ગણાતા ખેડૂતો અને શ્રમિકો આટલી અસહ્ય ગરમી અને ગરમ પવનો વચ્ચે પણ પોતાના ખેતરોમાં અને ખુલ્લામાં કપરૂં કામ કરવા માટે મજબૂર બન્યા છે.૧૫ મે પછી આંશિક રાહતની સંભાવના હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ૧૫ મે સુધી રાજ્યમાં અને મહીસાગર જીલ્લામાં હીટવેવની સ્થિતિ યથાવત રહેવાની સંભાવના છે. જોકે, ૧૫ મે બાદ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જેનાથી લોકોને આગઝરતી ગરમીમાંથી થોડી રાહત મળી શકે છે. વહીવટી તંત્ર દ્વારા પણ નાગરિકોને બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાર્વજનિક દવાખાના દ્વારા ૧૯૭૫થી ચાલતી અનોખી સેવા બાલાસિનોરમાં ૫૧ વર્ષથી બે રૂપિયામાં ગરીબ દર્દીઓની સારવાર કરતી મોબાઈલ હોસ્પિટલ

**દસ મહિનામાં ૩૧૩૧ દર્દીઓનું નિદાન અને સારવાર કરીને જરૂરી દવાઓ પણ મફતમાં આપવામાં આવી.**

બાલાસિનોર,
આજે જ્યારે તબીબી ક્ષેત્રની સામાન્ય સારવાર પણ ગરીબ દર્દીઓને પોષય નહીં એટલી મોંઘી થઇ ગઇ છે. ત્યારે બાલાસિનોરના સાર્વજનિક દવાખાના દ્વારા છેલ્લા ૫૧ વર્ષથી ગામડે ગામડે ફરીને ફક્ત બે રૂપિયા ટોકન દરથી ગરીબ દર્દીઓને સારવાર આપતી મોબાઈલ હોસ્પિટલ ચલાવવામાં આવી રહી છે. બાલાસિનોર આસપાસના ૧૫થી વધારે ગામડામાં ફરીને આ મોબાઈલ દવાખાનુ છેવાડાના લોકો સુધી આરોગ્ય સેવા પહોંચાડી રહ્યું છે. ગરીબ અને છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવા પહોંચે તેવા આશય સાથે બાલાસિનોરના સાર્વજનિક દવાખાના એટલે કે કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં વર્ષ ૧૯૭૫માં ઇચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઇ(દેડકી) મોબાઈલ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ મોબાઈલ મેડિકલ વાન એમબીબીએસ તબીબ અને નર્સિંગ સ્ટાફ સાથે સપ્તાહમાં પાંચ દિવસ કોઈ એક ગ્રામ્ય રૂટ નક્કી કરીને નિકળે છે. ફક્ત બે રૂપિયાની ટોકન ફીથી આ મોબાઈલ હોસ્પિટલમાં દર્દીનું નિદાન કરીને જેતે રોગને અનુરૂપ દવા પણ વિનામુલ્યે આપવામાં આવે છે.



બાલાસિનોર નજીક આવેલા ૧૫ ગામડા સુધી આ મોબાઈલ હોસ્પિટલની સેવા આપવામાં આવી રહી છે. ગત એપ્રિલ-૨૦૨૫થી જાન્યુઆરી-૨૦૨૬ સુધીના ૧૦ મહિનામાં ૩૧૩૧ દર્દીઓએ મોબાઈલ હોસ્પિટલનો લાભ લીધો છે. દર્દીઓને નિદાન કરીને આ સમય દરમિયાન કુલ રૂ.૧.૨૪ લાખની દવાઓ પણ મફતમાં આપવામાં આવી છે.

# ગોધરા સિવિલ હોસ્પિટલમાં 'પ્લાસ્ટિક બોટલ ક્રશર' અને 'કલોથ બેગ વેન્ડિંગ મશીન' મુકાયા : પર્યાવરણલક્ષી સુવિધા ઉભી કરાઈ

ગોધરા,
ગોધરા સિવિલ ખાતે આવતા હજારો દર્દીઓ અને તેમના સ્વજનોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે હોસ્પિટલ પરીસરમાં અત્યાધુનિક 'પ્લાસ્ટિક બોટલ ક્રશર મશીન' અને 'કલોથ બેગ વેન્ડિંગ મશીન' કાર્યરત કરવામાં આવ્યા છે.

સામાન્ય રીતે હોસ્પિટલમાં પાણીની બોટલોનો મોટોજથ્થો કચરા પેટીમાં જોવા મળતો હોય છે. જે પર્યાવરણ માટે નુકસાનકારક છે. ગોધરા પાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અને પર્યાવરણ સુરક્ષાના ભાગરૂપે 'પ્લાસ્ટિક બોટલ ક્રશર મશીન ' અને 'કલોથ બેગ વેન્ડિંગ મશીન' મુકવામાં આવ્યા છે. સિવિલમાં મુકાયેલા પ્લાસ્ટિક બોટલ ક્રશર મશીનમાં ઉપયોગમાં લેવાયેલી ખાલી બોલો નાંખતા જ તેના ઝીણા ટુકડાંમાં રૂપાંતર થઈ જાય છે. આ ફ્લેકસનો ઉપયોગ આગળ જતાં ફાઈબર અને કપડાં બનાવવા માટે કરાશે. બીજી તરફ પ્લાસ્ટિકની થેલીઓનો વપરાશ ઘટાવડા માટે કલોથ બેગ વેન્ડિંગ મશીન પણ મુકાયુ છે. જેમાંથી લોકો નજીક કિંમતે પર્યાવરણને અનુકુળ કાપડની થેલીઓ મેળવી શકશે. આ મશીનો દ્વારા હોસ્પિટલ પરીસરમાં પ્લાસ્ટિકના કચરાનો નિકાલ સરળ બનશે અને લોકોને પ્લાસ્ટિકની થેલીના સ્થાને કાપડની થેલી વાપરવા માટે પ્રોત્સાહન મળશે. સીંગલ યુઝ પ્લાસ્ટિકના વધતા જતા જોખમ સામે લડવા અને રિસાયકલિંગની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા માટે આ મશીનો આશિર્વાદ રૂપ સાબિત થશે. આ બંને મશીનો ગોધરા નગરપાલિકાની ગ્રીન ઈનિસિએટીવ યોજના હેઠળ મુકવામાં આવ્યા છે. જે શહેરને સ્વચ્છ અને પ્રદુષણ મુકત બનાવવામાં પાયાનો પથ્થર સાબિત થશે. સંસ્થા દ્વારા નાગરિકોને આ સુવિધાનો મહત્તમ ઉપયોગ કરવા જણાવાયુ છે.

# કવાંટ હાફેશ્વર મહાદેવ મંદિરે વૈશાખ માસમાં ભક્તોની ભીડે



કવાંટ,
કવાંટ તાલુકાના હાફેશ્વર ગામે આવેલા હાફેશ્વર મહાદેવ મંદિરમાં વૈશાખ માસ દરમિયાન ભકતોની ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને આદિવાસી સમાજના લોકો પોતાની માનતાઓ પૂર્ણ કરવા અહીં ઉમટી પડે છે.

આદિવાસી સમાજમાં વૈશાખ માસને નવા વર્ષનો પ્રારંભ અને 'ખાતરીના મહિના' તરીકે ઓળખવામાં આવે છે. આ મહિનામાં તેઓ પોતાની માનતાઓ પૂરી કરવા મંદિરે આવે છે.

વૈશાખ માસ દરમિયાન, આદિવાસીઓ નર્મદા નદીનું પવિત્ર જળ પોતાના ઘરો, બોરકૂવાઓ અને ખેતરોમાં છાંટીને શુદ્ધિ કરવાની પરંપરાનું પાલન કરે છે. આ પ્રથા દ્વારા તેઓ ધરતીને પવિત્ર માન્યતા આપે છે. એવી માન્યતા છે કે નર્મદા જળથી ધરતી પવિત્ર થાય છે અને નવા વર્ષે સારો પાક ઉતરે છે. આ માન્યતા સાથે જોડાયેલી બાધાઓ પૂર્ણ કરવા હજારો ભકતો હાફેશ્વર ખાતે નર્મદા કિનારે બાધા, આખડી અને બાબરી જેવી માનતાઓ પૂરી કરવા ઉમટી પડે છે.

# પાવીજેતપુર નોલેજ સિંચાઈ તળાવમાં ભરપૂર પાણી પણ જર્જરીત કેનાલથી પાણી છોડવાનું બંધ

પાવીજેતપુર,
નાલેજ સિંચાઈ તળાવનું પાણી છેલ્લા બે વર્ષથી કેનાલમાં નહીં છોડાતાં પંથકના ગામોમાં પાણીના સ્તર ઊંડે ઉતર્યા છે. જેને લઈને લોકો તેમના કૂવા ઊંડા કરવા મજબૂર બન્યા છે.

છોટાઉદેપુર નજીક નાલેજ ખાતે જી.પં. હસ્તકનું સિંચાઇ તળાવ છે. તેના માધ્યમથી પંથકના ૪ ગામોની ૫૫૩ હેક્ટર જમીનને સિંચાઇ થાય તેવી યોજના બનાવાઇ છે. આ સિંચાઈ તળાવની રિસ્ટોરેશન કામગીરી ૨ વર્ષ અગાઉ કરી હતી. ત્યારથી ખેડૂતોને સિંચાઇનું પાણી અપાયું નથી. તળાવનું રિસ્ટોરેશનનું કામ પૂરૂં થઈ ગયું છે. પરંતુ કેનાલનું રિપેરિંગ કામ હજુ મંજૂરીમાં મોકલાયું છે, જે મળ્યા બાદ કેબલ રીપ્રિંગની કામગીરી કરાશે.
પરંતુ હાલ નાલેજ તળાવ પાણીથી ભરપૂર છે. પરંતુ કેનાલો જર્જરિત હોવાથી બે વર્ષથી પાણી છોડાયું નથી. જેથી જળસ્તર નીચે ઉતરતાં પાણી મેળવવા કૂવા ઊંડા કરવા ખેડૂતો મજબૂર બન્યા છે.

ખેડૂતોને ત્રણ-ત્રણ વર્ષ સુધી પાણી નહીં મળતાં મુશ્કેલીમાં મૂકાયા છે. નાલેજ સિંચાઈ તળાવનું બે વર્ષ પહેલા રિસ્ટોરેશન કામ કરાયું હતું. જેમાં હાલ પાણી ખૂબ સંગ્રહ થયું છે. પરંતુ કેનાલ જર્જરિત અને ઝાડીઓથી ભરાયેલી હોવાથી પાણી છોડાયું નથી.

કેનાલ રિપેરિંગ માટે મંજૂરી મગાઇ છે. જે મળ્યેથી કાર્યવાહી કરાશે. પરંતુ છેલ્લા બે વર્ષથી કેનાલ રિપેર થઈ નથી અને હજુ ઓછામાં ઓછા એક વર્ષ સુધી રિપેર થાય તેવી શકયતા નથી. જેથી ખેડૂતોને ત્રણ-ત્રણ વર્ષ સુધી પાણી નહીં મળતા મુશ્કેલીમાં મૂકાયા છે.

# કવાંટમાં લગ્ન સિઝન છતાં બજારોમાં ઘરાકી નહીં નિકળતા વેપારીઓ ચિંતિત



કવાંટ,
કવાંટ નગરમાં સોમવારે ભરાતો અઠવાડિક હાટ બજાર સૂમસામ જોવા મળ્યો. સામાન્ય રીતે આ બજારમાં આસપાસના ગામોમાંથી આદિવાસી સમાજના લોકો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા આવે છે. જોકે, આજે ઘરાકી ખૂબ ઓછી રહી.

હાલમાં લગ્ન સિઝન પૂરબહારમાં ચાલી રહી છે. આવા સમયે બજારોમાં સામાન્ય રીતે ભારે ભીડ જોવા મળતી હોય છે, પરંતુ કવાંટના બજારમાં વેપારીઓની દુકાનો ખાલીખમ રહી. નવા કપડાં, જ્વેલરી અને અન્ય લગ્નસરાના સામાનની ખરીદી માટે પણ લોકોની ભીડ જોવા મળી ન હતી. બજારો સૂમસામ રહેવા પાછળ મોંઘવારી અને અસહ્ય ગરમી મુખ્ય કારણો મનાય છે. મોંઘવારીને કારણે સામાન્ય અને ગરીબ વર્ગના લોકો માટે લગ્નસરાની ખરીદી કરવી મુશ્કેલ બની રહી છે.
ઘરાકી ન હોવાને કારણે વેપારીઓમાં ચિંતા વ્યાપી છે. તેઓ ગ્રાહકોની ઓછી અવરજવરથી પરેશાન છે અને વેપાર ઘટવાને કારણે નુકસાન ભોગવી રહ્યા છે.

# કાલોલના દેલાવાડા ગામે કારમાંથી રૂ.૩.૫૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

કડાણા,
કડાણા નજીક રોડ ઉપર વોચમાં ઉભેલી પોલીસની આડસ તોડીને રાજસ્થાન તરફથી આવતી ભાગેલી કાર આગળ જઈને રોડ સાઈડ ખેતરમાં ઉતરી ગઈ હતી. આ દરમિયાન પીછો કરીને પોલીસ પણ આવી પહોંચી હતી. આ તકનો લાભ લઈને કારમાં સવાર બે લોકો ભાગી છુટ્યા હતા. જયારે કારમાંથી રૂ.૩.૫૮ લાખનો દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો.

કડાણા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમને બાતમી મળી હતી કે, એક આઈ-૨૦ ગાડીમાં બે ઈસમો રાજસ્થાના પુનાવાડા તરફથી લુણાવાડા તરફ જનાર છે. જે બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેકટર એસ.એલ.કામોળે અલગ અલગ ટીમો બનાવી અમથાણીથી વેલણવાડા સુધીના અલગ અલગ રસ્તે વોચ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઘાસવાડા તરફથી એક ફોર વ્હિલર ગાડી પુરઝડપે આવતા ગાડીને દુરથી આડસ કરી ઉભી રાખવા માટે ઈશારો કરતા ગાડીના ચાલકે પુરઝડપે હંકારી વેલણવાડા તરફ ભગાવી હતી. જેથી આ ગાડીનો પીછોકરતા ગાડી આગળ જતાં દેદાવાડા ત્રણ રસ્તા ઉપર ગાડી પુરજડપે હોય અને વળાંકમાં ટર્ન ન લેવાતા ગાડી રોડ કુદી ગયેલ અને રોડથી આશરે ૩૦ ફુટ પછી ખેતરમાં ફસાઈ ગયેલ જે ગાડી ન નીકળતા ચાલક તથા બાજુની સીટમાં બેઠેલ ઈસમ અંધારાનો લાભ લઈ નાસી છુટ્યા હતા. આ ગાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની કાચની, પ્લાસ્ટિકની તથા ટીન બિયરો મળી કુલ નંગ-૧૭૫૨ બોટલો જેની કિ.રૂ.૩,૫૮,૮૦૧/-નો દારૂ તથા ગાડી મળી કુલ કિ.રૂ.૭,૫૮,૮૦૧/-નો મુદ્દામાલ કબ્જે કરેલ તથા તપાસ દરમિયાન ગાડી ઉપર ખોટી બોગસ નંબર પ્લેટ લગાડેલ હોવાનુ જણાઈ આવ્યુ હતુ. જે બાબતે કડાણા પોલીસ સ્ટેશન સી પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૭૦૦૪૨૬૦૨૨૦/૨૦૨૬ પ્રોહિ એકટ કલમ ૬૫(અ)(ઈ), ૮૧,૯૮(૨)તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૩૩૬(૨), ૩૩૬(૩),૩૪૦(૨)મુજબનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# રાજગઢ વન વિભાગના જંગલમાં વન્યપ્રાણીઓ માટે ૮ કૃત્રિમ જળકુંડ બનાવાયા

ગોધરા,
૯૪૦૦ હેકટર વિસ્તારમાં પથરાયેલા વન વિસ્તારમાં રાજગઢ વન વિભાગ દ્વારા જંગલ વિસ્તારમાં વન્ય જીવો માટે પીવાના પાણીની ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે. જેને કારણે વન વિસ્તાર નજીક વસવાટ કરતા રહિશો ઉપરાંત ગ્રામિણ વિસ્તારોના સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે. હાલ ૮ સ્થળોએ વન્ય જીવો માટે પાણીની વ્યવસ્થા કરાઈ છે. અને અન્ય કુદરતી જળસ્ત્રોત પણ આવેલા છે. આગામી દિવસોમાં વધુ ૩ સ્થળોએ પાણી માટેની વ્યવસ્થા ઉભી કરવાનુ આયોજન કરાયુ છે. વિશાળ વન વિસ્તાર ધરાવતા પંચમહાલ જિલ્લાના વન વિસ્તારમાં ઉનાળાની શરૂઆત થતાં જ પાણીના સ્ત્રોત નદી-નાળા અને તળાવમાં પાણી સુકાઈ જતા જેને લઈને વન્ય જીવો પીવાના માટલ્હે માનવ વસ્તી તરફ ધસી આવે છે. જેના કારણે રહેણાંક વિસ્તારોમાં લોકો વન્ય જીવોના હુમલાના ભયના ઓથાર હેઠળ જીવવા મજબુર બન્યા છે. વન્ય જીવોને પીવાના પાણી માટે ભટકવુ ન પડે તે માટે વન વિભાગે ખાસ સુવિધા ઉપલબ્ધ કરી અન્ય કૃત્રિમ જળસ્ત્રોત ઉભા કર્યા છે. ઘોઘંબા તાલુકાના વન વિસ્તારમાં વન વિભાગે ઉનાળા દરમિયાન વન્ય જીવોને પીવાનુ પાણી વન વિસ્તારમાં જ મળી રહે તે માટે કૃત્રિમ જળકુંડ બનાવી ટેન્કર વડે, પવન ચકકી કે હેન્ડપંપના માદયમથી ભર્યુ છે. રાજગઢ વન વિસ્તારમાં આવેલા ૯૪૦૦ હેકટર જમીનમાં પથરાયેલા વન વિસ્તારમાં વન વિભાગે ૮ જેટલી પાણી કુંડીઓમાં ટેન્કર અને હેન્ડપંપ થકી નવતર પ્રયાસ કર્યો છે.

# સંજેલીમાં આડેધડ પાર્કિંગ અને દબાણોને લઈ ટ્રાફિકની સમસ્યાથી લોકો પરેશાન

સંજેલી,
સંજેલી નગરમાં છેલ્લા ઘણા સમયથી પંચાયત તંત્રની ઘોર બેદરકારીના કારણે દબાણોની સમસ્યા વકરી છે. ખાસ કરીને જુના બસ સ્ટેન્ડ અને બિરસામુંડા ચોક પાસે જાહેર રોડ પર જ બગીચાની જેમ બાંકડા મુકી દેવાતા રસ્તો અત્યંત સાંકડો બની ગયો છે. બીજી તરફ છેલ્લા એક વર્ષથી ગટરની કામગીરી અધુરી હોવાથી સ્લેબ વગરની ખુલ્લી ગટરો અકસ્માતને આમંત્રણ આપી રહી છે. મુખ્ય બજાર, પોલીસ સ્ટેશન અને સંતરામપુર જવાનો આ મુખ્ય માર્ગ હોવા છતાં તંત્ર મૌન સેવીને બેઠું છે. આ માર્ગ પરથી મામલતદાર, ટી.ડીઓ, સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓ અવર જવર કરે છે. છતાં પંચાયતની નબળી કામગીરી પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. હાલ લગ્નસરાની સીઝન હોવાથી સીંગવડ, સંતરામપુર અને મોરવા(હ)થી મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે આવે છે ત્યારે અવ્યવસ્થાને લીધે લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે.

વૃષભઃ આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

મિથુનઃ આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે.

કર્કઃ તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.

સિંહઃ આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

કન્યાઃ કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે

તુલાઃ આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

વૃશ્ચિકઃ આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઈક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે.

ધનઃ આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે.

મકરઃ આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો.

કુંભઃ આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે.

મીનઃ આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે.

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ- ૧૪૩/૨૦૨૬ તા.૩૦/૦૪/૨૦૨૬
અરજદારઃખરાડ શારદાબેન નટુભાઈ રહે,પાટીયા,તા.ગરબાડા,જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,પાટીયા,તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી અરજદારશ્રી ખરાડ શારદાબેન નટુભાઈ ના પુત્રો (૧) ખરાડ અજીભાઈ નટુભાઈ નો જન્મ તા.૦૧/૦૧/૨૦૦૪ ગામ.પાટીયા,તા.ગરબાડા, જિ.દાહોદ (૨) ખરાડ અજયભાઈ નટુભાઈ નો જન્મ તા.૦૧/૦૧/૨૦૦૬ (૨) ખરાડ વિજયભાઈ નટુભાઈ નો જન્મ તા.૧૦/૦૧/૨૦૧૨ ગામ.પાટીયા,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રોનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,પાટીયા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રો ના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૩૦/૦૪/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૨૮૯/૨૦૨૬ તા.૧૧/૦૫/૨૦૨૬
અરજદારઃ પરમાર કાળીયાભાઈ દિતાભાઈરહે.ખેગં, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ખેગં, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રીપરમાર કાળીયાભાઈ દિતાભાઈ ના પુત્ર નામે પરમાર પ્રિતેશભાઈ કાળીયાભાઈ જન્મ તા.૨૯/૧૦/૨૦૧૬ ના રોજ ખેગં, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ખેગં, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ખેગં, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૧ માંહે : મે-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૫૩૨/૨૦૨૫, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદાર- શ્રી તડવી મુકેશભાઇ કાળુભાઈ, રહે.માંડવ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,માંડવ, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી તડવી મુકેશભાઇ કાળુભાઈ તેમના પુત્રી નામે તડવીદિવ્યાબેન મુકેશભાઇની જન્મ તા.૦૧/૧૦/૨૦૧૯ નારોજ મુ. માંડવ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.માંડવ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઇસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૦૬ માહે મેનારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૨૫/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદાર- શ્રી સંગોડ પાંગળાભાઈ મકનાભાઈ, રહે.ખડદા,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,ગાંગરડી ફળીયા, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી સંગોડ પાંગળાભાઈ મકનાભાઈ તેમના પિતા નામે સંગોડ મકનાભાઈ વીરીચાભાઈની મરણ તા.૨૦/૧૨/૨૦૦૦ (૨)સંગોડ ભકતિબેન મકનાભાઈ મરણ તા.૨૦/૧૨/૧૯૯૮ નારોજ મુ. ખડદા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પિતા/માતા નો મરણ થયેલ ત્યારે મરણ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ગાંગરડી ફળીયા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પિતા/માતા નુ મરણના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઇસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૦૬ માહે મેનારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૮૭/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદાર- શ્રી બારીઆ ટીનાભાઈ કીડીયાભાઈ, રહે.હરખપુર,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,હરખપુર, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી બારીઆ ટીનાભાઈ કીડીયાભાઈ તેમના પુત્ર/પુત્રી નામે બારીઆ રાજવીરભાઈ ટીનાભાઈ ની જન્મ તા.૦૩/૧૦/૨૦૧૯ (૨)બારીઆ આરુશીબેન ટીનાભાઈ ની જન્મ તા.૧૮/૦૯/૨૦૨૦ નારોજ (૩)બારીઆ નૈમીક્ષાબેન ટીનાભાઈ ની જન્મ તા.૧૮/૦૬/૨૦૨૨ મુ. હરખપુર, તા. ધાનપુર, જી.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર/પુત્રી નો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.હરખપુર, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર/પુત્રી નો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઇસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૦૬ માહે મે નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

# દાહોદ નગર પાલિકા મા પ્રમુખ ઉપ પ્રમુખ અને કારોબારી સભ્ય પદની પસંદગીમાં જરા પણ ગફલત થઈ તો સંગઠન સીધું જવાબદાર ગણાશે

**– પ્રમુખ ઉપપ્રમુખની રેસમાં લોબિંગ, 'સરપ્રાઈઝ' ફોર્મ્યુલા ગરમ...**
**– ખુરશી માટે ખેંચતાણઃ દાવેદારોની દોડ, ભ્રષ્ટાચારનાં ડાઘ અને જનતાની પીડા વચ્ચે કોણ બનશે દાહોદ નગરના પ્રથમ નાગરિક ?**
**– પાણી જેવી મૂળભૂત સમસ્યામાં ત્રણાદી જનતા પૂછે છેઃ આ વખતે ખરેખર કામ કરનાર નેતા મળશે કે ફરી એ જ નાટક?**
**– હાલમા ઘણી ધોરી વિનાની દાહોદ નગર પાલિકા નુ નવુ બોડ ક્યારે બનશે .**
**– પાણી વિતરણ ની વ્યવસ્થા લગડાઈ ડોર ટુ ડોર કચરા કલેક્શન ની કામગીરી ખોરવાઈ .**

દાહોદ,

દાહોદ નગર પાલિકાની ગત માસના અંતિમ સપ્તાહમા યોજાયેલ ચૂંટણીના પરિણામ આવી ગયા જેમાં ભાજપ ને જનતા ઉપર આશા રાખી હતી તેના કરતા ઓછી ૨૦ બેઠકો મળી અને કોગ્રેસ ને ધાર્યા કરતા વધુ એટલે કે ૧૪ બેઠકો મળી અને પાર્ટી માંથી બળવો કરી બે અપક્ષ બેઠકો લઈ ગયા દાહોદ નગર પાલિકામાં પ્રમુખ, ઉપ પ્રમુખ અને કારોબારી ચેરમેન સહિતનાં પદાધિકારીઓની વરણી મામલે રાજકીય ગરમાવો અને અટકળો ફેલાયેલી છે.

નગરપાલિકાના પ્રમુખ પદની પ્રથમ અઢી વર્ષની ટર્મ એસ ટી મહિલાનો વારો છે અને ભાજપ મા પ્રમુખ પદ માટે બે મહિલાઓના નામ ચર્ચામાં છે. અંદરખાને તો જીલ્લામાં સોથી કદાવર મનતા મોટા માથાની ભલામણના કારણે એક નામ ઉપર તો પ્રમુખ પદની મહોર મારી દેવાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે, પરંતુ પ્રમુખ પદ માટે બે મહિલા દાવેદાર હોવાથી પ્રમુખ પદની મહોર મારવાની પ્રક્રિયામાં કોઈ વાંધો વાચકો ઉભો થાય તો ભાજપની બોર્ડ બનાવવાની મંછા પર પાણી ફરી શકે તેવો ભય હોવાનુ પણ ચર્ચામાં છે.

ભાજપ દ્વારા સૌ–સૌનું નાટક રમાયું છે, પરંતુ શહેરની જનતા અને કાર્યકરોમાં ચર્ચા છે કે અંતે તો કોયલામાંથી હિરલું નીકળી શકે છે. દાહોદમાં પ્રમુખ, ઉપ પ્રમુખ અને કારોબારી ચેરમેન પદ માટે અત્યારે ભારે ખેંચતાણ ચાલી રહી છે. કેન્દ્ર સરકારનાં મોટા માથાની ઈચ્છા તેમના ખાસ માનીતાને પ્રમુખ બનાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. તેમણે પ્રદેશ હાઈકમાન્ડના ટોચનાં નેતાઓ સુધી દબાણ કર્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે, ભાજપની રણનીતિ હંમેશા ચોંકાવનારી રહી છે. જો પક્ષ મહિલા ભણેલીગણેલી મહિલા પ્રમુખની વરણી કરે તો નવાઈ નહીં. દાહોદમાં ખાસ કરીને શહેર ના ઘણા વિસ્તારમાં પાણીની સમસ્યા વિકટ છે. વર્ષોથી ભાજપનું શાસન હોવા છતાં ભાજપ ના નેતા છેલ્લા ૨૫ વર્ષથી ચૂંટાતા હોવા છતાં પાણીનો પ્રશ્ન ઉકેલાયો નથી. લોકોનું કહેવું છે કે પાણીની સમસ્યાને લઈ લોકોને ટેન્કર થી પાણી મગાવું પડે છે. ટેન્કર માફિયાઓ સાથેની મિલીભગતને કારણે જનતાને શુદ્ધ પાણી માટે વલખાં મારવા પડે છે.

પ્રમુખ પદના માટે પણ નુકસાન થઈ શકે છે જુના જોગીઓની હાલ મા કોઈ ચાલી નહીં અને મરી મરી ૨૦ બેઠકો કબજા મા આવી પોતે પોતાની વાહવાહી કરાવે છે. શું ભાજપ આવા નેતાઓને પસંદ કરશે?

પ્રમુખ પદ એસ ટી મહિલા હોવાથી હાલ બે મુખ્ય દાવેદારો છે, જો ભાજપ મહિલા ઉમેદવારોના આંતરિક ડખા અને વિવાદોથી નવાજવા માગતું હોય, તો એજ્યુકેટેડ મહિલા કાઉન્સેલર પ્રમુખ બનાવી ને મોટો દાવ ખેલી શકે છે. જો એવું થશે, તો પ્રમુખ પદની રેસમાં રહેલા મોટા માથાઓનું ગણિત ઉંધું પડી જશે.

ભાજપની પ્રણાલી રહી છે કે જે નામો ચર્ચામાં હોય તે ક્યારેય હોદ્દા પર આવતા નથી. શહેર પ્રમુખની નિમણૂક વખતે પણ આવું જ થયું હતું, સેલ્સ લેવાના નામે માત્ર કાર્યકરોને રાજી રાખવાના પ્રયાસ થાય છે, પરંતુ આખરે ઉપરથી નક્કી થયેલું ''સરપ્રાઈઝ'' નામ જ પ્રમુખ અને ઉપ પ્રમુખ ની ખુરશી પર બેસી શકે છે.

દાહોદની જનતા ઈચ્છે છે કે હવે એવા પ્રમુખ આવે કે જે એસી ઓફિસમાં બેસી રહેવાને બદલે જનતાની વચ્ચે રહી તેમની સમસ્યાઓ સ્થળ પર જ હલ કરે. દાહોદની છબી સુધારે, ભ્રષ્ટાચારમુક્ત વહીવટ આપે અને નગર પાલિકા ના ખર્ચે પોતાની વાહવાહી કરાવવાને બદલે શહેરનું ભલું કરે. આવા નેતૃત્વની અત્યારે સખત જરૂર છે.

નાગરિકોની માંગ છે કે, આ વખતે એવા પ્રતિનિધિઓ જોઈએ જે જમીન પર ઉતરીને કામ કરે, નહીં કે માત્ર ફોટોગ્રાફી કરાવીને છાપા ગજવે.ગત બોડી એ તો નગરના વિકાસના કામો કરવાનો તેવોનો કિંમતી ફરજકાલ આતરીક કલહમાં વેડફી નાખતા આ વખતે પક્ષે તેમના એકેયને ટિકિટ ન આપી નવા ચહેરા પર ભરોસો કર્યો છે. ત્યારે પક્ષે મુકેલા ભરોસાનું હનન ન થાય તે માટે નવા ચૂંટાયેલા ચહેરાઓ નગરના વિકાસના કામો કરી નગરજનોનો તેમજ પાર્ટી નો વિશ્વાસ જીતવા કેવા પ્રયાસ કરશે તે હવે જોવું રહ્યું.

# કંબોઈ ફાટા નજીક હિટ એન્ડ રન અકસ્માતમાં એકનું મોત

**ટ્રેક્ટરની ટક્કરથી રીક્ષામાં બેઠેલા વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત, મહિલાને પણ ઈજા.**

દાહોદ,

દાહોદ જીલ્લાના ગોવિંદગુરૂ લીમડી તાલુકામાં કંબોઈ ફાટા નજીક રાત્રિના સમયે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક વ્યકિતનું મોત નિપજતાં વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ટ્રેકટર ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી રીક્ષાને અડફેટે લેતા આ દુર્ઘટના સર્જાઈ હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ રૂપાખેડા ગામના ગડોર ફળીયામાં રહેતા સબાભાઈ ઉર્ફે છબોભાઈ દલાભાઈ પરમાર પરિવાર સાથે પોતાના કુટુંબીના લગ્ન પ્રસંગે ગણેશ સ્થાપનામાં હાજરી આપવા માટે રાત્રિના સમયે રીક્ષામાં જઈ રહ્યા હતા. તે દરમિયાન કંબોઈ ફાટાથી કંબોઈ રોડ તરફ જતા સમયે સામે તરફથી આવતું ટ્રેકટર નંબર ઋઉં–૨૦–અઈ–૭૩૮૪ ના ચાલકે બેદરકારીપૂર્વક ટ્રેક્ટર હંકારી રીક્ષાની ડ્રાઈવર સાઈડ તરફ અડફેટે લીધું હતું.અકસ્માત એટલો ગંભીર હતો કે, રીક્ષામાં ડ્રાઈવર પાસે બેઠેલા સબાભાઈ પરમાર નીચે પટકાયા હતા અને તેમના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ તેઓ બેભાન થઈ ગયા હતા. ઘટનાસ્થળે હાજર લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન સબાભાઈ પરમારનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતમાં રીક્ષાની પાછળ બેઠેલી સુશીલાબેન તાબુભાઈ પસાયાને પણ ટ્રેક્ટરની ટ્રોલી વાગતાં તેમના જમણા હાથમાં ઈજા પહોંચી હતી. તેમને પણ સારવાર અર્થે દાહોદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ ટ્રેક્ટર ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ઘટનાને પગલે પરિવારજનોમાં આક્રંદ મચી ગયો હતો અને સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.મૃતકના પરિવારજનોએ ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી છે. હાલ પોલીસ દ્વારા ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પ્રાકૃતિક કૃષિઃ નુકસાનકારક જીવાતનું જૈવિક નિયંત્રણ અને મિત્રકીટકોનું સંવર્ધન જરૂરી

**– જાણો.. કુદરતી સંતુલન થકી જીવાત નિયંત્રણની પદ્ધતિ.**
**– પાક સંરક્ષણ માટે વનસ્પતિજન્ય અર્ક ઉપયોગી.**

પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતોને અનુસરીને કરવામાં આવતી ખેતી પદ્ધતિ. આ ખેતીનો મુખ્ય આધાર દેશી ગાયનું ગોબર અને ગૌમૂત્ર છે, જેના થકી ઓછા ખર્ચે મબલખ પાક મેળવી શકાય છે. આ પદ્ધતિની ખાસિયત એ છે કે, તેમાં પાકની વૃદ્ધિ માટે જરૂરી કોઈપણ ઈનપુટ (ખેત સામગ્રી) બહારથી ખરીદવા પડતા નથી. ખેડૂતો કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને જાતે જ ખાતર અને અન્ય જરૂરિયાતો તૈયાર કરે છે, જેનાથી ખેતી ખર્ચમાં ઘટાડો થાય છે અને જમીનની ફળદ્રુપતા પણ જળવાય છે.

જો પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતોનું સંપૂર્ણ પાલન કરવામાં આવે તો ખેતરમાં રોગ–જીવાત આવવાની શક્યતા નહિવત થઈ જાય છે. કુદરતે જીવસૃષ્ટિમાં નુકસાનકારક જીવો કરતા ઉપયોગી મિત્રકીટકોની સંખ્યા વધુ બનાવી છે. આ પદ્ધતિથી માંસાહારી જીવોનું રક્ષણ થાય છે. આવા જીવો નુકસાનકારક કીટકોનું કુદરતી રીતે જ નિયંત્રણ કરે છે. ખેતરમાં ચોક્કસ અંતરે સરગવો, મકાઈ, ગલગોટા, સૂર્યમુખી અને તુવેર જેવા પાકો વાવવાથી મિત્રકીટકો વધે છે અને પક્ષીઓનો વિસામો બનતા, ઈયળોનું કુદરતી જૈવિક નિયંત્રણ કરે છે.

જોકે, રાસાયણિક ખેતીમાંથી પ્રાકૃતિક ખેતી તરફ વળતી વખતે પ્રથમ વર્ષે ભૂતકાળની વિપરીત અસરો અથવા ખેતી કાર્યમાં રહી જતી ક્ષતિઓને કારણે જીવાત આવવાની સંભાવના રહે છે. આ માટે પ્રાકૃતિક કૃષિમાં ઝેરી, કડવી અને તીખી વનસ્પતિઓના અર્કમાંથી બનાવેલા વિશિષ્ટ જંતુનાશક દવાનો ઉપયોગ કરવામાં આવે છે. આ દવાનો સમયાંતરે છંટકાવ કરવાથી કોઈપણ પ્રકારના રાસાયણિક ઝેર વગર પાકને સંપૂર્ણ સુરક્ષિત રાખી શકાય છે, જે પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય – બંને માટે હિતકારી છે.

ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને જન આંદોલન બનાવવામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું યોગદાન અત્યંત મહત્વનું રહ્યું છે. તેઓ પ્રાકૃતિક ખેતીના હિમાયતી છે અને ગામેગામ ફરીને ખેડૂતોને આ પદ્ધતિ અપનાવવા પ્રેરિત કરી રહ્યા છે. ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ આજે હજારો ખેડૂતો રાસાયણિક ખેતી છોડી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે અને અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ બની રહ્યા છે.

# પતિ સહિત સાસરીયાઓ સામે પરિણીતાની ફરિયાદ બીજી પત્ની લાવવી છે કહી માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાનો આક્ષેપ

દાહોદ,

દાહોદ જીલ્લાના ગુરૂગોંવિંદ લીમડી તાલુકાના ધોળા ખાખરા ઝાબ ફળીયામાં રહેતી એક પરિણીતાએ પોતાના પતિ સહિત સાસરીયાઓ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવતા મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

ફરિયાદ મુજબ રવિનાબેન રૂમાલભાઈ ડામોરના લગ્ન તા.૦૪/૦૪/૨૦૨૪ના રોજ રળીયાતી ભુરા ડુંગર ફળીયાના કલ્પેશભાઈ નરસિંગભાઈ ભાભોર સાથે સમાજના રીત–રિવાજ મુજબ થયા હતા. લગ્નના શરૂઆતના સમયગાળામાં દંપતિ વચ્ચે બધું સામાન્ય રહ્યું હતું, પરંતુ બાદમાં પતિ દ્વારા નાની નાની બાબતોમાં ઝઘડા કરી અન્ય પુરૂષો સાથે શંકા–વહેમ રાખી મારકૂટ કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પરિણીતાના જણાવ્યા અનુસાર પતિ વારંવાર તું મને ગમતી નથી, મારે બીજી પત્ની લાવવી છે કહી અપમાનજનક શબ્દોમાં ગાળો બોલી ઘર છોડીને જવા દબાણ કરતા હતા. બહારગામ મજૂરી કામે ગયેલા સમયે પણ ફોન પર માતા–પિતા સાથે વાતચીત કરતી વખતે પતિ તથા જેઠ દ્વારા શંકા રાખી મારપીટ કરાઈ હોવાનો આક્ષેપ છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે પરિણીતાના પિતાએ બંને ગામોના પંચો ભેગા કરી અનેક વખત સમાધાનનો પ્રયાસ કર્યો હતો, છતાં પતિ તેને પરત લઈ જવા તૈયાર નહોતો. સસરા નરસિંગભાઈ ભાભોર અને સાસુ લલીતાબેન ભાભોર પણ અમારે બીજી પત્ની કરાવવી છે કહી ત્રાસ આપતા હોવાનું જણાવાયું છે. પરિણીતાએ આક્ષેપ કર્યો છે કે સાસુએ પહેરેલા કપડાંએ જ ઘર બહાર કાઢી મૂકી હતી, જ્યારે જેઠ જગદીશભાઈ તથા મિતેશભાઈ પણ પતિને ચઢામણીઓ કરી મારકૂટ કરાવતા હતા.

ત્રણ માસથી પિયરમાં રહેતી પરિણીતાએ નોંધાવી ફરિયાદ

ફરિયાદ મુજબ સાણંદ ખાતે મજૂરી દરમિયાન થયેલા ઝઘડાઓ બાદ પરિણીતાને તેના ગામના સરપંચના ઘરે મૂકી દેવામાં આવી હતી. ત્યારબાદ પિતા તેને ઘરે લઈ આવ્યા હતા અને છેલ્લા ત્રણ માસથી પરિણીતાએ પિયરમાં આશરો લીધો હોવાનું જણાવાયું છે.આખરે પરિણીતાએ પોતાના પિતા સાથે હાજર રહી પતિ કલ્પેશભાઈ ભાભોર, સસરા નરસિંગભાઈ ભાભોર, સાસુ લલીતાબેન ભાભોર તથા જેઠ જગદીશભાઈ અને મિતેશભાઈ ભાભોર સામે ગુરૂગોંવિંદ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઝાલોદ બાયપાસ પર હિટ એન્ડ રન અકસ્માતમાં યુવાનનું મોત

**સાસરીમાંથી પરત ફરતા અજાણ્યા વાહને ટક્કર મારતા મેહુલભાઈ ગણાવાનું કરૂણ અવસાન**

ઝાલોદ,

ઝાલોદ તાલુકા નજીક બાયપાસ હાઈવે રોડ પર વધુ એક ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. લીમખેડા તાલુકાના ચોલાકોટા જાગતા ફળીયાના રહેવાસી યુવકનું અજાણ્યા વાહનની ટક્કરથી મોત નિપજતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ચોલાકોટા જાગતા ફળીયાના રહેવાસી મેહુલભાઈ નરસુભાઈ ગણાવા (ઉ.વ.૨૫) ગત તા. ૧૦ મેના રોજ સવારે પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન તેમના સાળાનો ફોન આવતા ધાબાનું ભરાઈ કામ હોવાથી મસ્ટર મારવા માટે સાસરી પક્ષે સલ્લોપાટ (રાજસ્થાન) આવવા જણાવાયું હતું. ત્યારબાદ મેહુલભાઈ પોતાની હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ નંબર GJ-20-BP-7871 લઈને સાસરી જવા નીકળ્યા હતા.

સાંજ સુધી ઘરે પરત ન આવતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. રાત્રિના સમયે પરિવારજનોએ સાસરી પક્ષે સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે મેહુલભાઈ સાંજે સાડા સાત વાગ્યાના આસપાસ સલ્લોપાટથી પોતાના ઘરે પરત નીકળી ગયા હતા. ત્યારબાદ તેમના મોબાઈલ પર સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ફોન ઉપડ્યો નહોતો.

રાત્રિના આશરે દસ વાગ્યાના સમયે ગામના વિનોદભાઈ શનુભાઈ તડવીએ પરિવારને જાણ કરી હતી કે ઝાલોદ બાયપાસ હાઈવે રોડ ઉપર મેહુલભાઈની મોટર સાયકલને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હતી. અકસ્માતમાં મેહુલભાઈને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક ઝાલોદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબે તપાસ બાદ મેહુલભાઈને મૃત જાહેર કરતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. બાદમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ઝાલોદ સરકારી દવાખાનાના પી.એમ. રૂમમાં ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે મૃતકની માતા સુમલીબેન નરસુભાઈ ગણાવાએ અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગફલતભરી અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત સર્જી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પંચમહાલ જિલ્લાની સસ્તા અનાજની દુકાનોના સંચાલકો દ્વારા ઓછું અનાજ અપાતુ હોવાની ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરમાં કેટલીક સરકારી સસ્તા અનાજની દુકાનો દ્વારા ગ્રાહકોને હકક કરતા ઓછું અનાજ આપવામાં આવતુ હોવાના આક્ષેપો સામે આવતા ગરીબ અને મદયમવર્ગીય પરિવારોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.

રાજય સરકાર દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મફત તેમજ સબસીડી યુકત અનાજ મળી રહે તે માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. છતાં ગોધરા શહેરની કેટલીક સસ્તા અનાજની દુકાનોમાં ગેરરિતી થતી હોવાની બુમો ઉઠતા પુરવઠા તંત્ર સામે અનેક સવાલો ઉભા થયા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર કેટલાક અનાજ દુકાન સંચાલકો લાભાર્થીઓને મળવાપાત્ર ઘઉં, ચોખા અને અન્ય ચીજવસ્તુઓમાં કાપ મુકી ઓછું અનાજ આપીરહ્યા છે. લાભાર્થીઓને યોગ્ય વજન ન આપવુ, રજીસ્ટરમાં અલગ અલગ નોંધ કરવી અને લોકોને ગેરમાર્ગે દોરવાના આક્ષેપો પણ ચર્ચામાં છે. ગરીબ પરિવારો માટે સરકારી અનાજ યોજના જીવન જરૂરિયાત સમાન બની ગઈ છે. ત્યારે તેમાં પણ ગેરરિતી થતી હોવાના ગંભીર આક્ષેપો ઉઠી રહ્યા છે.

એક સમયે પંચમહાલ જિલ્લામાં પુરવઠા વિભાગમાં એચ.ટી.મકવાણા જેવા અધિકારીઓની કામગીરી દરમિયાન છેવાડાના માણસ સુધી અનાજ યોગ્ય રીતે પહોંચે તે માટે સતત દેખરેખ રાખવામાં આવતી હતી. દુકાનો પર નિયમિત ચેકિંગ, સ્ટોકની ચકાસણી અને ફરિયાદો પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવતી હતી. જેથી ગેરરિતી આચરનાર દુકાનદારોમાં ભયનો માહોલ ફેલાયેલો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી પુરવઠા વિભાગ નિષ્ક્રિય બન્યુ હોવાના આક્ષેપો વચ્ચે કેટલાક અનાજ દુકાનદારો બેફામ બન્યા છે.

# દાહોદ જિલ્લામાં અંધશ્રદ્ધામાં બે મહિનાના માસુમને ગરમ સોયના ડામ અપાયા

દાહોદ,

અંધશ્રદ્ધાના મુળ કેટલા ઉંડા છે તેનો વધુ એક જીવંત પુરાવો દાહોદમાં જોવા મળ્યો છે. ૨ મહિનાના બાળકને શરદી–ખાંસીને કારણે શ્વાસ લેવામાં તકલીફ થતાં તેના વાલીઓ તેને હોસ્પિટલને બદલે ભુવા પાસે લઈ ગયાહતા. જયાં ડામ આપવાના અમાનવીય કૃત્યથી બાળકની હાલત નાજુક બની હતી. હવે ૧૬ દિવસ બાદ જાલતના ભુવા સામે ફરિયાદ નોંધાવવા પામી છે.

મધ્યપ્રદેશના ઝાબુઆના બાબન સેમતલિયાના અરવિંદ રાણાના ૨ મહિનાના પુત્ર યુવરાજને શરદી–ખાંસી અને શ્વાની તકલીફ હતી. જેનો ઈલાજ કરાવવા માટે ગત તા.૨૩ એપ્રિલે બાળકને લઈને દાહોદ તાલુકાના જાલતમાં રહેતા ભુવા જયેશ સોલંકી પાસે પહોંચ્યા હતા. ભુવાએ ઈલાજ કરાવવાના નામે કુરતાની હદ વટાવી દીધી હતી. તેણે દીવો સળગાવી પાતળી સોય ગરમ કરી બાળકના નાજુક શરીર પર ૪ જગ્યાએ ડામ આપ્યા હતા. જેની પીડાથી બાળકની હાલત લથડતા તેને તાત્કાલિક ઝાબુઆના દવાખાને ખસેડ્યો હતો. ત્યાં ફરજ પરના તબીબે બાળકના શરીર પર ઈજાઓના ડામ જોયા હતા. અંધશ્રદ્ધાના આ ખેલને જોઈને તબીબે પોલીસને જાણ કરી હતી. ઝાબુઆ પોલીસે પરિવારનુ નિવેદન લીધા બાદ ઘટના દહોદ જિલ્લાની હોવાથી આ અંગે કતવારા પોલીસને જાણ કરી હતી. તેણે ૯ મેનારોજ આરોપી ભુવા જયેશ સોલંકી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

# ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં રાત્રિના સમયે વીજ પુરવઠો ખોરવાતા લોકો ગરમીથી બચવા ખુલ્લામાં સુવા મજબુર

ગોધરા,

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ઉનાળાની શરૂઆત સાથે જ વીજ કંપનીની કામગીરીના ધજાગરા ઉડ્યા છે. મેંદા પ્લોટ, ઈમરાન મસ્જિદ, ઝકરીયા કોલોની સહિતના વિસ્તારોમાં વીજ લોડ વધવાને કારણે શોર્ટ સર્કિટ સાથે લાઈવ વાયરો તુટી પડવાની ઘટના બની હતી. છેલ્લા ૨૪ કલાકથી વધુ સમયથી વીજ પુરવઠો ઠપ્પ હોવાના કારણે સ્થાનિકો કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યા છે. પાણી પુરવઠો નહિ મળતા દુર દુર સુધી પાણી લેવા જવા માટે મજબુર બન્યા હતા. ગોધરાના મેંદા પ્લોટ ખાતે શનિવાર સવારથી રવિવારે વહેલી સવારે અનેક સ્થળોએ હાઈ વોલ્ટેજ અને લોડથી વાયરો સળગી ઉઠ્યા હતા. મુખ્ય માર્ગ પર જોખમી રીતે વીજ વાયરો કલાકો સુધી પડેલા જોવા મળ્યા હતા. વીજ ગુલ થતાં પાણીના પંપો બંધ રહ્યા હતા. પરિણામે સમગ્ર વિસ્તારમાં પાણી પુરવઠો ખોરવાયો હતો. સ્થાનિકોને પીવાના પાણીના અને વપરાશના પાણી માટે ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. વિસ્તારમાં આવેલી ઝકરીયા પ્રા.શાળામાં છેલ્લા બે દિવસથી લાઈટ ન હોવાને કારણે ડિઝિટલ કામગીરી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર પણ માઠી અસર પડી છે.

## જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૫૮/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬

અરજદાર– શ્રી મોહનીયા ક્બાનભાઈ ભદરુભાઈ, રહે.સજોઇ,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,સજોઇ, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્ન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી મોહનીયા ક્બાનભાઈ ભદરુભાઈ તેમના પુત્રી નામે મોહનીયા જનતાબેન ક્બાનભાઈની જ્ન્મ તા.૨૨/૦૧/૨૦૧૦ નારોજ મુ. સજોઈ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રીનો જ્ન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.સજોઈ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જ્ન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૦૬ માહે મે નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

## જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૦૩/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬

અરજદાર– શ્રી વહુનીયા નરવતભાઈ જોરુભાઈ, રહે.પાનમ,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,પાનમ, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્ન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી વહુનીયા નરવતભાઈ જોરુભાઈ તેમના પુત્રી નામે વહુનીયા સેવાનીબેન નરવતભાઈની જ્ન્મ તા.૧૯/૧૨/૨૦૦૯ નારોજ મુ. પાનમ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રીનો જ્ન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.પાનમ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જ્ન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૦૬ માહે મે નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

## જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૦૫/૨૦૨૬, તા.૨૫/૦૩/૨૦૨૬

અરજદાર– શ્રી મોહનીયા બિજીયાભાઈ દલાભાઈ, રહે.કોલરીયા,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,કોલરીયા, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી મોહનીયા બિજીયાભાઈ દલાભાઈ તેમના પિતા નામે મોહનીયા દલાભાઈ કાળીયાભાઈ મરણ તા.૨૪/૦૮/૨૦૧૬ નારોજ મુ. કોલરીયા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રનો મરણ થયેલ ત્યારે મરણ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.કોલરીયા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રનો મરણના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૨૫ માહે માર્ચ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

## જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૪૪૨/૨૦૨૬, તા.૧૨/૦૩/૨૦૨૬

અરજદાર– શ્રી મોહનીયા બિજીયાભાઈ દલાભાઈ, રહે.કોલરીયા,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,કોલરીયા, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્ન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી મોહનીયા બિજીયાભાઈ દલાભાઈ તેમના પુત્રી નામે મોહનીયા કાજલબેન બિજીયાભાઈ જ્ન્મ તા.૧૮/૦૮/૨૦૧૨ નારોજ મુ. કોલરીયા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રી નો જ્ન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.કોલરીયા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જ્ન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૧૨ માહે માર્ચ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.221

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાલોલના શિવરાજપુરાના એક તરફી પ્રેમમાં પાગલ યુવકે આપઘાત કરવાનો પ્રયાસ દોરી તુટી જતાં ઈજાઓ પોલીસે સારવાર માટે ખસેડયો

હાલોલ,

હાલોલ તાલુકાના શિવરાજપુરા ગામનો યુવક એક તરફી પ્રેમમાં પાગલહોય યુવકે પાવાગઢ જંગલમાં ગળે ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકે આપઘાત પહેલા ૧૧૨ નંબર ફોન કરી જાણ કતા પોલીસે આપઘાત કરતો રોકવા પ્રયાસ કર્યો હતો. પોલીસ પહોઃચે તે પહેલા યુવકે પાતળી દોરી વડે ગળે ફાંસો ખાવા જતાં દોરી તુટી જતા નીચે પટકાતા ઈજાઓ પહોંચતા પોલીસ યુવકને સારવાર માટે



ખસેડવામાં આવ્યો હતો.

હાલોલ તાલુકાના શિવરાજપુર ગામે રહેતા સુનિલ રાઠવા નામનો યુવક ગામની યુવતિના એક તરફી પ્રેમમાં પાગલ હોય યુવતિએ પ્રેમનો અસ્વિકાર કર્યો હોય જેથી સુનિલ રાઠવા પાવાગઢ જંગલમાં આપઘાત કરવા જતો હોય અને તે પહેલા પ્રેમમાં પાગલ યુવકે ૧૧૨ નંબર ઉપર ફોન કરી આત્મહત્યા કરવા જતો હોવાની જાણ કરી હતી. પોલીસે યુવકને આપઘાત કરતો રોકવા યુકિત વાપરી હતી. પરંતુ પોલીસ પહોંચે તે પહેલા સુનિલ રાઠવાએ પાતળી દોરીથી ફાંસો લગાવીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો અને ગળે ફાંસો ખાવા ઉપયોગમાં લીધેલ દોરી તુટી જતાં યુવક જમીન પર પટકાયો હતો. જેથી શરીરે ઈજાઓ પહોંચી હતી. પોલીસ સ્થળ ઉપર પહોંચીને ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# કાલોલ ગોળીબાર ચોકડી પાસે ગફલતભરી રીતે બાઈક હંકારી યુવકને કચડી નાસી ગયેલા ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાયો

કાલોલ,

ગતરોજ તારીખ ૦૯/૦૫/૨૦૨૬ ના રોજ સાંજે કાલોલના ગોળીબાર ચોકડી પાસે મલાવ રોડ પર એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. જ્યાં મજૂરી કરીને પગપાળા ઘરે પરત ફરી રહેલા ૩૦ વર્ષીય યુવકને પુરઝડપે અને ગફલતભરી રીતે આવતા અજાણ્યા મોટરસાયકલ ચાલકે અડફેટે લેતા યુવકનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જી બાઈક ચાલક નાસી છૂટ્યો હતો. ત્યારે મૃતકની ઓળખ અર્જુનભાઈ ઉર્ફે ભાદો મંગાભાઈ નાયક ઉ.વ. ૩૦ તરીકે થઈ છે. આ બનાવ અંગે મૃતકના દાદી ગંગાબેન મોહનભાઈ નાયક ઉ.વ. ૬૫, રહે. ગોળીબાર, કાલોલ દ્વારા કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર અર્જુનભાઈ તેના માતા–પિતાના અવસાન બાદ દાદી ગંગાબેન સાથે રહેતો હતો અને મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો. જ્યાં બનાવના દિવસે સવારે તે ખેતરમાં મજૂરી કામે ગયો હતો અને સાંજે સાડા સાતેક વાગ્યાના સુમારે મલાવ ચોકડી બાજુથી આવતા બાઈક ચાલકે પુરઝડપે હંકારી આવીને અર્જુનભાઈને ટક્કર મારી હતી, જ્યાં અકસ્માતમાં તેને માથાના ભાગે તથા કાનના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા લોહી વહી ગયું હતું અને તેનું સ્થળ પર જ મોત થયું હતું. ત્યારે ઘટના સ્થળે લોકો એક્ઠા થઈ જતા બાઈક ચાલક તેનું વાહન લઈ નાસી છૂટ્યો હતો. જ્યાં હાજર લોકોએ કાલોલ નગરપાલિકાની શબવાહિની બોલાવી મૃતદેહને કાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં પોલીસે અજાણ્યા મોટરસાયકલ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલોલના સણસોલીમાં ડીજે રસ્તા ઉપર થી ખસેડવાની અદાવતમાં હુમલો અને પથ્થરમારોઃ ચાર સામે ફરિયાદ

કાલોલ,

પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાના સણસોલી ગામે રસ્તા પર વાહન ખસેડવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં એક યુવક પર લાકડી વડે હુમલો કર્યા બાદ મોડી સાંજે તેના ઘરે જઈ પથ્થરમારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ છે. ફરિયાદી મનોજકુમાર સોમસિંહ રાઠોડ, જેઓ ખેતી અને ખાનગી કંપનીમાં નોકરી કરી ગુજરાન ચલાવે છે, તેમણે પોલીસમાં નોંધાવેલી વિગત મુજબ આ વિવાદ સવારના સમયે શરૂ થયો હતો. મનોજકુમાર પોતાની બીમાર પુત્રીને જોવા કંપનીથી ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે



નારણપુરા નર્મદા કેનાલ પાસે અર્જુનસિંહ દલપતસિંહ રાઠોડ અને અન્ય શખ્સોએ રસ્તામાં ડી.જે. અને ઈકો ગાડી ઉભી રાખી રસ્તો રોક્યો હતો. મનોજકુમારે રસ્તો આપવા વિનંતી કરતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ‘‘તું મોટો દાદો થઈ ગયો છે ?’’ તેમ કહી ડી.જે. માંથી લાકડી કાઢી મનોજકુમારના કપાળે મારી દીધી હતી. જે બાદ સવારના ઝઘડાની અદાવત રાખીને તે જ દિવસે સાંજે આશરે સાત વાગ્યાના સુમારે આરોપીઓ પથ્થરો અને લાકડીઓ સાથે ફરિયાદીના ઘરે પહોંચ્યા હતા. કાલોલ પોલીસ ની ૧૧૨ ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફરિયાદ મુજબ અર્જુનસિંહ દલપતસિંહ રાઠોડ, ભુપેનસિંહ દલપતસિંહ રાઠોડ, દલપતસિંહ અંદરસિંહ રાઠોડ, ભાવીકસિંહ સંજયસિંહ રાઠોડ નાઓએ હુમલો કર્યો હતો. આ આરોપીઓએ ફરિયાદીના ઘર પર પથ્થરમારો કરી ગાળાગાળી કરી હતી અને ‘‘આજે તને જીવતો નહીં છોડીએ’’ તેવી ધમકીઓ આપી હતી. જ્યારે ફળિયાના લોકો વચ્ચે પડ્યા ત્યારે આરોપીઓએ તેમને પણ ધમકાવ્યા હતા અને મનોજકુમારને ફરી ક્યારેક રસ્તામાં એકલો મળશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. મનોજકુમારે કાલોલ સરકારી દવાખાનામાં સારવાર લીધા બાદ પોતાના મિત્રો સાથે પોલીસ મથકે પહોંચી આ ચાર શખ્સો તેમજ અન્ય અજાણ્યા પાંચ થી છ માણસો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર કાળમુખો અકસ્માતઃ પૂરપાટ ઝડપે દોડતી કારનું ટાયર ફાટતા ઓવરબ્રિજ પરથી નીચે ખાબકી, એક જ પરિવારના ૫ સભ્યો ગંભીર ઈજાગ્રસ્ત



કાલોલ,

દેશના સૌથી આધુનિક ગણાતા દિલ્હી–મુંબઈ એક્સપ્રેસ વે પર કાલોલ નજીક આજે એક ભયાનક અકસ્માત સર્જાયો છે. રવિવારની રજાના માહોલ વચ્ચે પૂરપાટ ઝડપે જઈ રહેલી એક ખાનગી કારનું ટાયર અચાનક ફાટતા ગોઝારો અકસ્માત નડ્યો હતો. આ દુર્ઘટનામાં કાર ઓવરબ્રિજની સુરક્ષા દિવાલ તોડીને સીધી નીચે ખાબકી હતી, જેમાં સવાર એક જ પરિવારના પાંચ સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, એક પરિવાર પોતાની કારમાં દિલ્હી–મુંબઈ કોરિડોર પરથી પસાર થઈ રહ્યો હતો. કાલોલ પાસેના ઓવરબ્રિજ પર જ્યારે કાર પહોંચી, ત્યારે અચાનક ગાડીનું ટાયર ધડાકાભેર ફાટ્યું હતું. ટાયર ફાટવાના કારણે ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી કાર હાઈવેની રેલિંગ સાથે અથડાઈને જોતજોતામાં ઓવરબ્રિજ પરથી નીચે પટકાઈ હતી.સ્થાનિકોની સમયસૂચકતા અને બચાવ કામગીરી કાર જેવી નીચે પટકાઈ, તેવો જ પ્રચંડ અવાજ આવતા આસપાસના ખેતરોમાં કામ કરતા લોકો અને અન્ય વાહનચાલકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હોવાથી અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ઈજાગ્રસ્તો પરિવારના ૫ સભ્યો (જેમાં મહિલાઓ અને બાળકો હોવાની પણ આશંકા છે). તમામ ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં નજીકની હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ મારફતે ખસેડવામાં આવ્યા છે. પોલીસને ઘટનાની જાણ થતા જ હાઈવે પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને આગળની તપાસ હાથ ધરી હતી.

# ગોધરાની શ્રી શરદ શાહ કોલેજમાં BCA વિદ્યાર્થીઓ માટે ફેરવેલ : પ્રમુખ અને પ્રિન્સિપાલે ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી



ગોધરા,

ગોધરાની શરદ શાહ કોલેજ દ્વારા BCA (બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન) ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ફેરવેલ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શહેરના બસ સ્ટેશન રોડ પર સ્થિત એક હોટલ ખાતે યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ પ્રસંગે ગોધરા સાર્વજનિક શિક્ષણ મંડળના પ્રમુખ ભૂપેશ કુમાર શાહ અને શરદ શાહ કોલેજના પ્રિન્સિપાલ નીતાબેન શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ ભૂપેશ કુમાર શાહએ વિદ્યાર્થીઓને સંબોધતા તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ટેકનોલોજીના આ યુગમાં આગળ વધવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના પ્રિન્સિપાલ નીતાબેન શાહએ વિદ્યાર્થીઓના કોલેજ કાળના સ્મરણો તાજા કર્યા હતા અને તેમને ભવિષ્ય માટે શુભકામનાઓ આપી હતી.

# હાલોલ ચદ્રાપુરા પોલીસર પ્લાસ્ટીક કંપનીમાં કામ કરતી ૨૨ વર્ષીય મહિલા પડી જતાં સારવાર દરમિયાન મોત

હાલોલ,

હાલોલના ચંદ્રાપુરા પાસે રહેતી ૨૨ વર્ષીય મહિલા પોલીસર પ્લાસ્ટીક કંપનીમાં કામ કરતી હોય દરમિયાન પડી જવાથી માથા અને ગર્દનના ભાગે ઈજાઓ પહોંચી હતી. પ્રાથમિક સારવાર કરાવી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.હાલોલ ચંદ્રાપુરા ખાતે રહેતા મીરાદેવી શ્યામસુંદર યાદવ ઉ.વ.૨૨ (મૂળ રહે. વોર્ડ નં.૨ સખુલા મરીચાહી, મેધપુરા, બિહાર) હાલોલ પોલીસર પ્લાસ્ટીક કંપનીમાં કામ કરતા હોય અને કંપનીમાં કામ કરતી વખતે કંપનીમાં પડી જવાથી માથાના ભાગે અને ગર્દનના ભાગે ઈજાઓ પહોંચેલ હોય ઈજાગ્રસ્ત મીરાદેવ યાદવને હાલોલમાં પ્રાથમિક સારવાર કરાવી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડતા દવા સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે હાલોલ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# શહેરાના મોરવા ગ્રામ પંચાયતમાં ભૂકંપ : સરપંચની મનસ્વી નીતિ સામે ડેપ્યુટી સરપંચ સહિત ૫ સભ્યોના સામૂહિક રાજીનામા



**બોક્સ...રાજીનામું આપનાર સભ્યોની વિગતવાર યાદીઃ**
બારીયા કિરીટભાઈ ડાભાઈભાઈ – ડેપ્યુટી સરપંચ (વોર્ડ નં. ૭)
પટેલ સાવિત્રીબેન સુનીલભાઈ – સભ્ય (વોર્ડ નં. ૩)
બારીયા સુમિત્રાબેન વિનોદભાઈ – સભ્ય (વોર્ડ નં. ૪)
ચમાર દિલીપભાઈ રમણભાઈ – સભ્ય (વોર્ડ નં. ૨)
સોલંકી હંસાબેન મહેશભાઈ – સભ્ય (વોર્ડ નં. ૬)

શહેરા,

શહેરા તાલુકાના મોરવા ગ્રામ પંચાયતમાં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલો આંતરિક અસંતોષ આખરે જ્વાળામુખી બનીને ફાટ્યો છે. સરપંચ દ્વારા સભ્યોને વિશ્વાસમાં લીધા વિના લેવાતા નિર્ણયોથી નારાજ થઈને ડેપ્યુટી સરપંચ કિરીટભાઈ ઉર્ફે ભુરાભાઈ બારીયા સહિત કુલ ૫ સભ્યોએ તલાટી કમ મંત્રીને પોતાના રાજીનામા ધરી દીધા છે. ૭ માંથી ૫ સભ્યોએ છેડો ફાડતા પંચાયતનું કાયદાકીય કોરમ તૂટી ગયું છે, જેના કારણે ગામના વિકાસ કાર્યો અને વહીવટ સંપૂર્ણપણે ઠપ્પ થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. તાલુકાની મોરવા ગ્રામ પંચાયતમાં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલો આંતરિક અસંતોષ હવે જ્વાળામુખીની જેમ ફાટી નીકળ્યો છે. સરપંચ પર એકહથ્થુ શાસન ચલાવવાનો ગંભીર આક્ષેપ કરીને ડેપ્યુટી સરપંચ કિરીટભાઈ ઉર્ફે ભુરાભાઈ બારીયા સહિત કુલ પાંચ સભ્યોએ ગ્રામ પંચાયત કચેરી ખાતે પહોંચીને તલાટી કમ મંત્રીને સામૂહિક રાજીનામા ધરી દીધા હતા. આ આકસ્મિક ઘટનાક્રમને પગલે પંચાયતના વહીવટી માળખામાં મોટી કટોકટી સર્જાઈ શકે છે.રાજીનામું આપનાર ડેપ્યુટી સરપંચ બારીયા કિરીટભાઈ ઉર્ફે ભુરાભાઈ અને અન્ય સભ્યોએ પોતાનો રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મોરવા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા છેલ્લા ૪ વર્ષથી પંચાયતની લોકશાહી ઢબની કાર્યપ્રણાલીને નેવે મૂકી દેવામાં આવી છે. સભ્યોનો સીધો આક્ષેપ છે કે, પંચાયતની સામાન્ય સભા કે કોઈપણ પ્રકારની મિટિંગમાં સભ્યો સાથે પરામર્શ કર્યા વિના સરપંચ પોતાની મરજી મુજબ ઠરાવો પસાર કરી રહ્યા છે. ગ્રામ પંચાયતના નાણાકીય નિર્ણયો અને વિકાસલક્ષી કામોમાં પણ ચૂંટાયેલા સભ્યોના સૂચનોની સતત અવગણના કરવામાં આવતી હોવાથી સભ્યોમાં ભારે અસંતોષ વ્યાપ્યો હતો.ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ, પંચાયતની કાર્યવાહી ચલાવવા માટે જરૂરી બહુમતી એટલે કે કોરમ હોવું અનિવાર્ય છે. હવે જ્યારે ૭ માંથી ૫ સભ્યોએ એકસાથે રાજીનામા આપી દીધા છે, ત્યારે પંચાયતનું કોરમ તૂટી ગયું છે. આ પરિસ્થિતિમાં પંચાયત હવે ટેકનિકલી કોઈ પણ કાયદેસરનો નિર્ણય લઈ શકશે નહીં. ગામમાં ચાલતા સફાઈ, લાઈટ, પાણી અને રસ્તા જેવા પાયાના વિકાસકામો હવે વહીવટી મંજૂરીના અભાવે અટકી પડે તેવી પૂરેપૂરી શક્યતા છે.બળવો કરનાર પાંચેય સભ્યોએ એકજૂથ થઈને પંચાયત કચેરી ખાતે તલાટી કમ મંત્રી ને રૂબરૂ મળીને પોતાના રાજીનામાના પત્રો સુપ્રત કર્યા હતા. તલાટી દ્વારા આ તમામ રાજીનામા સ્વીકારી લેવામાં આવ્યા છે અને હવે કાયદેસરની પ્રક્રિયા મુજબ આ અંગેનો અહેવાલ શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે મોકલવામાં આવશે. તાલુકા વિકાસ અધિકારી આ રાજીનામા અંગે અંતિમ નિર્ણય લેશે. જો આ રાજીનામા મંજૂર કરવામાં આવે, તો આગામી સમયમાં આ બેઠકો પર પેટાચૂંટણી યોજવાની અથવા પંચાયત સુપરસીડ કરવાની નોબત આવી શકે તો નવાઈ નહી,આ ઘટનાને પગલે શહેરા તાલુકા પંચાયત અને સ્થાનિક રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચાઓ જાગી છે. ગ્રામજનોમાં પણ પંચાયતની આ અસ્થિરતાને લઈને ચિંતાનો માહોલ છે. હવે જોવાનું એ રહેશે કે તાલુકા વહીવટી તંત્ર આ વિખવાદને શાંત પાડવા કોઈ મધ્યસ્થી કરે છે કે પછી પંચાયત પર વહીવટદારની નિમણૂક થાય છે.

# પંચમહાલ જીલ્લામાં ૩૮ દિવસમાં ૨૫થી વધુ બાળ લગ્ન અટકાવ્યા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ચાલી રહેલી લગ્ન સીઝન દરમિયાન તંત્ર દ્વારા બાળ લગ્ન જેવા ગંભીર સામાજીક કુરિવાજ સામે સતત કડક કાર્યવાહી હાથ ધરાઈ છે.

તંત્રે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, બાળ લગ્ન એક દંડનીય ગુનો છે અને તેમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિ ભલે તે વાલી હોય, સગા સંબંધીઓ હોય કે લગ્ન વિધિ કરાવનાર હોય તેમના વિરૂદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરાશે. છતા બાળ સુરક્ષા માટે કાર્યરત જીલ્લા બાળ સુરક્ષા વિભાગને, ૧૧૨ અને ૧૦૯૮ હેલ્પલાઈનને મળેલ ગુપ્ત કોલના આધારે જીલ્લામાં બાળ લગ્નો અટકાવ્યા છે.જેમાં ગોધરામાં અને શહેરા તાલુકામાં યોજાનારા બે અલગ અલગ બાળ લગ્નોને તંત્ર દ્વારા અટકાવાયા હતા. તા.૧ એપ્રિલથી ૮મે સુધીના ૩૮ દિવસમાં તંત્ર દ્વારા ૨૫થી વધુ બાળ લગ્નોને અટકાવ્યા છે. સ્થળ પર પહોંચી અધિકારીઓએ સગીર બાળકોના વાલીઓ તથા ગામના આગેવાનોને બાળ લગ્નના કાયદાકીય પરિણામોની વિગતવાર સમજ આપી હતી. સાથે જ, વાલીઓ પાસેથી ભવિષ્યમાં આવા કૃત્યમાં સંડોવાશે નહીં તે માટે બાંયધરી પણ લેવાઈ હતી. પરંતુ આ આંકડો સમાજ માટે ચિંતાજનક સંકેત છે. બાળ લગ્ન જેવી પ્રથા હજુ પણ અનેક વિસ્તારોમાં પ્રચલિત હોવાની વાસ્તવિકતા દર્શાવે છે.

સમાજના દરેક વર્ગે પણ આગળ આવીને આ કુરિવાજ સામે અવાજ ઉઠાવવો જરૂરી છે. જાગૃતિ અને સહયોગથી જ બાળ લગ્ન જેવી પ્રથાને સંપૂર્ણ રીતે નાબૂદ કરી શકાય છે.

ઉજ્જ્વળ ભવિષ્ય માટે ભણાવો, પરણાવો નહીં : બાળલગ્ન એ સામાજીક અને શારીરિક દ્રષ્ટિએ ગંભીર નુકસાનકારક રિવાજ છે, જેને અટકાવવો અનિવાર્ય છે. નાની ઉંમરે લગ્ન અને ગર્ભાવસ્થા કન્યાના સ્વાસ્થ્ય માટે જોખમી છે, જે માતા અને બાળક બંનેના મૃત્યુનું કારણ બની શકે છે. બાળલગ્નને કારણે દીકરીઓ અભ્યાસ અધવચ્ચે છોડી દે છે. જેથી તેમના ભવિષ્ય અને આર્થિક સ્વતંત્રતા પર માઠી અસર પડે છે. બાળકો પરિપક્વ ન હોવાથી સંસારની જવાબદારીઓ ઉપાડવા તૈયાર હોતા નથી. જે તેમના માનસિક વિકાસને રૂંધે છે. દેશમાં બાળલગ્ન કરાવવા એ કાયદાકીય રીતે ગુનો છે અને તેના માટે સજાની જોગવાઈ છે.

# ગોધરાના ગઢચુંદડી ગામે રેલ્વે ટ્રેક પર ચંચોપાના ૨૮ વર્ષીય યુવાને ટ્રેનની અડફેટમાં આવી આપઘાત કર્યો

ગોધરા,

ગોધરા તાલુકાના ગઢ ચુંદડી ગામે રેલ્વે ટ્રેક ઉપર ચંચોપા ગામનો ૨૮ વર્ષીય યુવાનને કોઈ અગમ્યકારણોસર મનમાં લાગી આવેલ હોય અને ટ્રેક ઉપર ટ્રેનની અડફેટમાં આવીને આપઘાત કરી મરણ ગયાની ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા તાલુકાના ચંચોપા ભાથીજી મંદિર ફળીયામાં રહેતા પરષોત્તમભાઈ બારીયાનો ભાઈ દિનેશભાઈ હિતેશભાઈ બારીયા ઉ.વ.૨૮ કોઈ અગમ્યકારણોસર મનમાં લાગી આવેલ હતું. જે તા.૧૦મેના રોજ ઘરેથી નિકળી ગઢ ચુંદડી ગામે રેલ્વે ટ્રેક ઉપર આપઘાત કરવા માટે કોઈ ટ્રેનની અડફેટમાં આવી જઈને મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા બી ડીવીઝન પોલીસના રાયોટીંગ ગુનાના વોન્ટેડ આરોપીને પટેલાવાડા ખાતેથી ઝડપ્યો

ગોધરા,

ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના રાયોટીંગ ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી અંગે એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, અરોપી પટેલવાડા ચાર રસ્તા પાસે ઉભો છે. તેવી બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો છે.ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના રાયોટીંગ ગુનાનો આરોપી ઓવેશ જમીલ વલીયા (રહે. ઈદગાહ મહોલ્લા, ગોધરા) નાસતો ફરતો આરોપી હોય આરોપી અંગે એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, પટેલવાડા ચાર રસ્તા પાસે ઉભેલ છે. તેવી બાતમીના આધારે વોચ ગોઠવીને આરોપી ઓવેશ જમીલ વલીયાને ઝડપી પાડવામાં આવ્યો હતો અને આગળની કાર્યવાહી માટે બી ડીવીઝન પોલીસને સોંપવામાં આવ્યો છે.

# શહેરા નગરપાલિકામાં રામરાજય : ચીફ ઓફિસર રજા પર અને એન્જિનિયર દાહોદમાં વ્યસ્ત, તરસ્યા નગરજનો રજૂઆત કરવા જાય તો ક્યાં જાય?

શહેરા,

શહેરા નગરમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. ઉનાળાની શરૂઆત થતાની સાથે જ નગરના અનેક વિસ્તારોમાં પાણી માટે બૂમરાણ મચી છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જ્યારે જનતા મુશ્કેલીમાં છે ત્યારે પાલિકાનું વહીવટી તંત્ર જાણે રામ ભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ચીફ ઓફિસર રજા પર છે અને જવાબદાર એન્જિનિયર પાસે દાહોદ પાલિકાનો ચાર્જ હોવાથી તેઓ હાજર રહેતા ન હોવાથી નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.શહેરા નગરપાલિકાના વહીવટમાં હાલ બાર સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ છે. નગરપાલિકાના કાયમી ચીફ ઓફિસર હાલમાં રજા પર ઉતરી



ગયા છે. તેમની ગેરહાજરીમાં વહીવટ ખોરવાયો છે. તો બીજી તરફ, નગરપાલિકાના એન્જિનિયર પાસે પાડોશી જીલ્લા દાહોદ નગરપાલિકાનો પણ ચાર્જ હોવાથી તેઓ અવારનવાર ત્યાં વ્યસ્ત રહે છે. સોમવારના રોજ પણ એન્જિનિયર દાહોદ ખાતે હોવાથી તેઓ હાજર ન હતા.નગરના વોર્ડ નંબર ૩ અને તેની આસપાસના વિસ્તારોમાં પાણીનું વિતરણ અનિયમિત અને અપૂરતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. ગૃહિણીઓનો આક્ષેપ છે કે, પાણી ક્યારે આવશે અને કેટલા સમયે આવશે તેનું કોઈ ઠેકાણું હોતું નથી. કલાકો સુધી રાહ જોયા બાદ પણ ઓછું પ્રેશર આવતા પૂરતું પાણી ભરી શકાતું નથી. શહેરા ચીફ ઓફિસરની ગેરહાજરીમાં કાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસરને અહીંનો વધારાનો કાર્યભાર (ચાર્જ) સોંપવામાં આવ્યો છે. જોકે, નગરજનોમાં એવી ચર્ચા છે કે માત્ર કચેરીમાં બેસીને વહીવટ કરવાને બદલે ઈન્ચાર્જ ચીફ ઓફિસર અને તેમની ટીમ રૂબરૂ વોર્ડ મુજબ મુલાકાત લે તે અત્યંત જરૂરી છે. જો અધિકારી પોતે મેદાનમાં ઉતરીને પાણીની લાઈનો અને વિતરણ વ્યવસ્થાનું નિરીક્ષણ કરે, તો જ વાસ્તવિક સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ છે. આશ્ચર્યની વાત એ છે કે, જ્યારે પ્રજા તરસથી વ્યાકુળ છે. ત્યારે નગરપાલિકાના મુખ્ય અધિકારી રજા પર છે અને જવાબદાર એન્જિનિયર પાસે અન્ય જીલ્લાનો કાર્યભાર હોવાથી તેઓ પણ હાજર રહેતા નથી. શહેરા પાલિકામાં સર્જાયેલી આ વહીવટી શૂન્યાવકાશની સ્થિતિમાં નગરજનો રજૂઆત કોને કરે? તે એક ગંભીર સવાલ ઉભો થયો છે.